દરરોજ સવારે રાજકોટ થી પ્રસિદ્ધ થતું

RNI Title Code No. GUJGUJ18141

દૈનિક
# મુંબઈ તરંગ

❖ વર્ષ - 2 ❖ અંક - 306 ❖ મંગળવાર 06 મે 2025 ❖ તંત્રી : કાંતિલાલ એ પટેલ ❖ પાનાં 8 ₹3/-

www.mumbaitarang.com Email : mumbaitarangnews@gmail.com

આજ નો સુવિચાર

**સત્યને સાથ આપશો તો પથ સમાન થશે.**

## સંક્ષિપ્ત સમાચાર

### 2 રૂપિયાના ભ્રષ્ટાચારના કેસમાં 20 વર્ષે સુપ્રીમ કોર્ટનો ચુકાદો, પુરાવાના અભાવે સ્ટેમ્પ વેન્ડર નિર્દોષ મુક્ત

સુપ્રીમ કોર્ટમાં માત્ર બે રૂપિયાના ભ્રષ્ટાચારનો એક મામલો પહોંચ્યો હતો. બે દસકા પહેલા વર્ષ 2003માં સ્ટેમ્પ પેપર માટે માત્ર બે રૂપિયા વધુ લઈ લીધા હતા, જે બદલ તેની સામે ભ્રષ્ટાચારનો કેસ થયો હતો અને ટ્રાયલ કોર્ટે 2008માં સજા આપી હતી, હાઈકોર્ટે પણ સજા યોગ્ય ઠેરવી હતી. જો કે સુપ્રીમ કોર્ટે આ સજાને રદ કરીને આરોપીને મૂક્ત કરી દીધો હતો. સ્ટેમ્પ વેન્ડરે 2 રૂપિયા વધુ લઈ 20 વર્ષ ચાલ્યો કેસ સુપ્રીમ કોર્ટ સમક્ષ એ સવાલ ઉપસ્તિત થયો હતો કે શું સ્ટેમ્પ વેન્ડર જાહેર કર્મચારી કહેવાય?

અને તેની સામે ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ કાર્યવાહી થઈ શકે? સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, 'સ્ટેમ્પ વેન્ડર પબ્લિક સર્વન્ટ કહેવાય, જો કે બે દસકા જુના આ કેસમાં સ્ટેમ્પ વેન્ડરને બે રૂપિયા લાંચ તરીકે લેવા બદલ ટ્રાયલ કોર્ટ દ્વારા જે સજા અપાઈ હતી તેને રદ કરી દીધી હતી. ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ કરવામાં આવી હતી ધરપકડ આ ઘટના જનકપુરીની સબ-રજિસ્ટ્રારની ઓફિસમાં 9 ડિસેમ્બર, 2003ના રોજ સામે આવી હતી. એક સ્ટેમ્પ વેન્ડરે 10 રૂપિયાના સ્ટેમ્પ પેપરના રૂ. 10 ના બદલે 12 રૂપિયા માગ્યા હતા.

## 1500 કરોડના મની લોન્ડરિંગના આરોપમાં હરિયાણા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યની EDએ કરી ધરપકડ



હરિયાણા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ધરમસિંહ છોકરની મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી છે. એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટે દિલ્હીથી છોકરની ધરપકડ કરી હતી. પૂર્વ ધારાસભ્ય અને તેમની કંપની પર દિનદયાલ આવાસ યોજના હેઠળ આશરે રૂ. 1500 કરોડનો મની લોન્ડરિંગનો આરોપ છે. ધરમસિંહ હરિયાણાના સમાલખા વિધાનસભા ક્ષેત્રમાંથી કોંગ્રેસ ધારાસભ્ય રહી ચૂક્યા છે. ધરમસિંહ પર જમીન કૌભાંડના પણ આરોપો મૂકાયા હતા. ઈડીએ તેમના ઘર અને ઓફિસોમાં દરોડા પણ પાડ્યા હતા. જેમાંથી મોટાપ્રમાણમાં દસ્તાવેજ અને સંદિગ્ધ લેવડદેવડના પુરાવા મળ્યા હતાં. ધરપકડ બાદ ધરમસિંહને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. જ્યાં ઈડી રિમાન્ડની માગ કરશે. જેથી પૂછપરછ મારફત સમગ્ર નેટવર્ક અને અન્ય સહયોગીઓ વિશે માહિતી એકત્ર કરી શકાય.

## પાકિસ્તાનને શસ્ત્રાસ્ત્રો અને દારૂગોળાની ભારે મોટી કટોકટી છે : યુદ્ધ થાય તો 4 દિવસ ચાલે તેટલો સરંજામ છે

પાકિસ્તાનને દારૂગોળા અને શસ્ત્રાસ્ત્રોની ભારે ખેંચ ઉભી થઇ છે. તેથી તેની યુદ્ધ ક્ષમતા પર સીધી અસર થવા સંભવ છે. પાકિસ્તાને ડોલર કમાવા યુક્રેન અને ઇઝરાયલને પણ ભારે મોટા પ્રમાણમાં શસ્ત્રો વેચ્યાં હોવાથી હવે તેની પાસે શસ્ત્રાસ્ત્રોનો જથ્થો એટલો ઘટી ગયો છે કે જો વ્યાપક યુદ્ધ થાય તો તે માત્ર 4 દિવસ જ ચાલી શકે તેમ છે.વૈશ્વિક સંઘર્ષની દ્રષ્ટિએ જોતાં પાકિસ્તાન એક તરફ આર્થિક કટોકટી ભોગવી રહ્યું છે, તો બીજી તરફ તેનાં વ્યૂહાત્મક અસ્તિત્વનો પ્રશ્ન ઉપસ્થિત થોય છે. રશિયા-યુક્રેન



યુદ્ધમાં તે બહારથી તટસ્થ હોવાનો દેખાવ કરતું હતું પરંતુ ગુપ્ત રીતે યુક્રેનને શસ્ત્રો વેચતું હતું. વાહ કેન્ટોનમેન્ટ સ્થિત પાકિસ્તાન ઑર્ડીનન્સ ફેક્ટરીએ લાખ્ખો આર્ટિલરી શેલ્સ, રોકેટ્સ, અને સ્મોલ આર્મ્સ (રાયફલ, ટોપીગન્સ વ.) ગુપ્ત માર્ગો દ્વારાં યુક્રેનને વેચ્યાં હતાં.૨૦૨૩ના ફેબ્રુઆરીથી માર્ચ સુધીમાં પાકિસ્તાને ૪૨,૦૦૦ ૧૨૨ એમ.એમ.નાં બીએમ-૨૧ રોકેટ્સ વેચ્યાં હતાં. ૬૦,૦૦૦ ૧૫૫ એમ.એમ.ના હોવિત્ઝર શેલ્સ અને ૧,૩૦,૦૦૦ ૧૨૨ એમ.એમ.નાં રોકેટ્સ વેચી પાકિસ્તાન ૩૬૪ મિલિયન ડોલર કમાયું હતું. આ નફાના ૮૦ ટકા તો રાવલપિંડી સ્થિત, પાકિસ્તાન આર્મીનાં જનરલ હેડ ક્વાર્ટસ પહોંચાડાયા હતા. ૨૦૨૨-૨૩નાં નાણાંકીય વર્ષમાં પાકિસ્તાનની શસ્ત્ર નિકાસ ૪૧૫ મિલિયન ડોલર્સ પહોંચી હતી. જે અગાઉનાં વર્ષનાં પ્રમાણમાં ૩૦૦૦% જેટલો વધારો દર્શાવે છે.પાકિસ્તાન પાસે ૬ લાખનું સૈન્ય છે. તેને પાકિસ્તાન ઓર્ડીનન્સ ફેક્ટરી શસ્ત્રો પૂરાં પાડે છે. ભૂમિ યુદ્ધમાં આર્ટીલરી (તોપખાતુ) મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પરંતુ તે તોપખાના માટેના ગોળા યુક્રેનને વેચ્યા.આ ઉપરથી ડીફેન્સ એનેલિસ્ટસ કહે છે કે જો વ્યાપક યુદ્ધ થાય તો પાકિસ્તાન પાસે અત્યારે ૪ દિવસ જ ચાલે તેટલો શસ્ત્ર સરંજામ છે.બીજી તરફ પાકિસ્તાન ભયંકર આર્થિક કટોકટી ભોગવે છે. ફુગાવો હાથ બહાર ગયો છે. દેવું અસામાન્ય છે. વિદેશ મુદ્રા ઘણી જ ઘટી ગઈ છે. પાકિસ્તાનના સૈનિકો માટેનાં રેશન ઉપર પણ કાપ મુકવો પડયો છે. તેના પૂર્વ લશ્કરી વડા જનરલ (નિવૃત્ત) કમર જાવેદબાજવાએ ખુલ્લાં મને સ્વીકાર્યું છે કે ભારત સાથે લાંબા સમય સુધી યુદ્ધ ચાલે તો તેમાં ટકી રહેવા માટે પાકિસ્તાન પાસે પૂરતાં સાધનો નથી.

## ગીટારવાદક અર્થશાસ્ત્રી લોરેન્સ વોંગ ફરી સિંગાપુરના વડાપ્રધાન પદે આવ્યા

માત્ર ૬૩૯ કી.મી.નું ક્ષેત્રફળ ધરાવતાં હોવા છતાં વ્યૂહાત્મક દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વનાં ટાપુ રાષ્ટ્ર સિંગાપુરના વડાપ્રધાન પદે ૫૨ વર્ષના લોરેન્સ વોંગ ફરી એકવાર આવતાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેઓને અભિનંદનો આપ્યાં હતાં.લોરેન્સ વોંગ એક ખ્યાતનામ અર્થશાસ્ત્રી છે.

સાથે ગીટારવાદક પણ છે. ઉલ્લેખનીય તે છે કે તેઓની પાર્ટી પીપલ્સ એક્શન પાર્ટી (પીએપી) છેલ્લા પાંચ દાયકાથી સિંગાપુર પર શાસન કરે છે.સિંગાપુરમાં સામાન્ય ચૂંટણી યોજાઈ તે સમયે ચૂંટણી પ્રચારમાં વોંગે કહ્યું હતું કે અમારા પક્ષનું ધ્યેય બહુ સ્પષ્ટ




છે, અમારી પીપલ્સ એકશન પાર્ટી સિંગાપુરને ચક્રવાતમાંથી બહાર કાઢી ઉત્કર્ષ તરફ દેશને લઈ જવા માગીએ છીએ.

શનિવારે જાહેર થયેલાં ચૂંટણી પરિણામોમાં વોંગની પાર્ટીએ જબરજસ્ત બહુમતી (૬૭ ટકાથી પણ વધુ) પ્રાપ્ત કરી હતી. ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પની ટેરિફ વૉર અને ચીનની વિસ્તારવાદી નીતિ પીપલ્સ એકશન પાર્ટીના મુખ્ય મુદ્દાઓ હતા.

પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન હાર્વર્ડના એલ્યુમીની (પૂર્વ વિદ્યાર્થી)એ કહ્યું હતું કે અમેરિકા અને ચાયના બંને કહે છે કે તેઓ કોઈપણ દેશને કોઈની પણ તરફદારી કરે તે જોવા માગતા નથી, પરંતુ વાસ્તવમાં બંને દેશો બીજા દેશોને પોતાની તરફ ખેંચી રહ્યા છે અને પોતાની પરિધીમાં તેઓ (દેશો) આવી જાય તેવા સતત પ્રયત્નો કરતા રહે છે. તેઓની સ્પર્ધા વિશ્વ રાજકારણને નવો આકાર આપી રહ્યા છે. તેથી આગામી વર્ષો સુધી વૈશ્વિક ભૂ-રાજકીય પરિસ્થિતિ ઉપર તેની ગાઢ અસર થતી રહેશે. તેઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું વિશ્વ અત્યારે અત્યંત ગૂંચવાયેલી પરિસ્થિતિમાં આગળ ધસી રહેલું દેખાય છે. પરંતુ કઇ દિશામાં ? કોઈને વિષે કશું કહી શકે તેમ નથી.વાંગ ૨૦૨૧માં વિત્તમંત્રાલય સંભાળતા હતા.

તે દરમિયાન ૭૨ વર્ષના વડાપ્રધાન લી હસીએન લૂંગે પદ છોડી વોંગને વડાપ્રધાન પદ સોંપ્યું હતું. લૂંગ ૨૦ વર્ષથી ટાપુ રાષ્ટ્રના વડાપ્રધાન પદે હતા. તેઓ પણ પીપલ્સ એકશન પાર્ટી (પીએપી) દ્વારા તે પદ માટે પાર્ટી મીટમાં ચૂંટાયા હતા.વાંગ પાર્ટીના મહામંત્રી પદે પણ છે. તેઓની કેરિયર જાણવા જેવી છે. તેઓએ અર્થશાસ્ત્રમાં વિસ્કોન્સિન મેડીસન યુનિ.માંથી ઈકોનોમિકમાં માસ્ટર્સ ડીગ્રી મેળવી છે. હાવર્ડમાંથી તેઓ પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં માસ્ટર્સ ડીગ્રી સાથે ઉત્તીર્ણ થાય હતા. વોંગનાં લગ્ન લૂ ત્ઝે લૂઈ સાથે થયાં છે. બંનેને વડાપ્રધાન મોદી પ્રત્યે ઘણું માન છે.

## દેશ જેવું ઈચ્છે છે તેવું થઈને રહેશે, સુરક્ષાની જવાબદારી મારી: રાજનાથ સિંહનું મોટું નિવેદન



જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા બાદથી જ ભારતના કરોડો નાગરિકો આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ પણ સતત વધી રહ્યો છે. એવામાં ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ફરી મોટું નિવેદન આપ્યું છે. તેમણે પાકિસ્તાનનું નામ લીધા વિના ચેતવણી આપતા કહ્યું છે કે સરહદો સુરક્ષિત કરવાની જવાબદારી મારી છે. દેશની જેવી ઈચ્છા છે એવું થઈને રહેશે. દિલ્હીના આનંદધામ આશ્રમમાં સંસ્કૃતિ જાગરણ કાર્યક્રમમાં રાજનાથ સિંહે કહ્યું છે, કે 'દેશની ઉપર આંખ ઉઠાવીને જોનારાઓને જડબાતોડ જવાબ આપવાની જવાબદારી મારી છે. આપણાં વડાપ્રધાનને તો આપ સૌ સારી રીતે ઓળખો જ છો, તેમની કાર્યશૈલીથી પણ તમે પણ પરિચિત છો. હું આપ સૌને આશ્વાસન આપું છું કે તમે જે ઈચ્છો છો તેવું થઈને રહેશે. દુનિયાની કોઈ શક્તિ ભારતને હરાવી ન શકે, ભારત અમર રહેશે.' તેમણે વધુમાં કહ્યું છે, કે 'ભારતની શક્તિ માત્ર સૈન્ય ક્ષમતામાં જ નહીં, પરંતુ તેની સંસ્કૃતિ અને આધ્યાત્મમાં પણ છે. ઈતિહાસ સાક્ષી છે કે ભારતના સંતોએ માત્ર આધ્યાત્મિક જ નહીં સમાજ સુધાર, શિક્ષણ અને રાષ્ટ્રીય એકતામાં અગ્રણી ભૂમિકા નિભાવી છે. એક તરફ સંતો સંસ્કૃતિની રક્ષા કરે છે તો બીજી તરફ સૈનિક સરહદની રક્ષા કરે છે. એક તરફ સંતો જીવન ભૂમિ પર લડે છે ત્યાં બીજી તરફ સૈનિકો રણભૂમિમાં લડત આપે છે.'

## જમ્મુ-કાશમીરમાં યુવકના મોત પર આક્રોશ : સુરક્ષાદળોએ આતંકીઓનો મદદગાર ગણાવી VIDEO શેર કર્યો, પરિજનો ભડક્યાં

રવિવારે સવારે જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લાના અહરબલ વિસ્તારમાં અદબલ નાળામાંથી 23 વર્ષીય યુવક ઈમ્તિયાઝ અહમદ માગરેનો મૃતદેહ મળી આવ્યો હતો. હવે જમ્મુ-કાશ્મીરમાં આ યુવકના મોત પર આક્રોશ જોવા મળી રહ્યો છે. યુવકના પરિવારે સુરક્ષા દળની કસ્ટડીમાં યુવકનું મૃત્યુ થયું હોવાનો આરોપ લગાવ્યો છે. પરિવારનો દાવો છે કે ઈમ્તિયાઝને થોડા દિવસ પહેલા સેનાએ કસ્ટડીમાં લીધો હતો. આ ઘટનાથી સ્થાનિક લોકો અને રાજકીય નેતાઓ આક્રોશમાં છે અને આ મામલાની ન્યાયિક તપાસની માગણીઓ કરી રહ્યા છે. બીજી તરફ પોલીસનો દાવો છે કે માગરેએ ખુદ નાળામાં કૂદીને આત્મહત્યા કરી લીધી હતી અને આ મામલે એક વીડિયો ફૂટેજ પણ જારી કરવામાં આવ્યો છે. માગરે પર આતંકવાદીઓને ભોજન આપવાનો અને રહેવા માટે સ્થાન આપવાનો આરોપ છે.



આતંકવાદીઓને મદદ કરવાની વાત 'કબૂલી' આ મામલે પોલીસે જણાવ્યું કે, 'ઈમ્તિયાઝને કથિત રીતે આતંકવાદીઓના ઓવરગ્રાઉન્ડ વર્કર (OGW) હોવાની શંકાના આધારે કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.' પોલીસનો દાવો છે કે, 'તેણે સુરક્ષા દળોને આતંકવાદી ઠેકાણા તરફ લઈ જતી વખતે વૈષ્ણો નદીમાં કૂદી પડ્યો હતો અને તેનું મૃત્યુ આત્મહત્યાને કારણે થયું હતું. ઈમ્તિયાઝનો મૃતદેહ મળ્યાના થોડા કલાકો પછી સામે આવેલા ડ્રોન ફૂટેજમાં એક યુવાન અદબલ નાળામાં કૂદીને તણાતો દેખાઈ રહ્યો છે.' પોલીસે દાવો કર્યો કે, તેણે આતંકવાદીઓને મદદ કરી હોવાની ₹કબૂલાત₹ કરી હતી અને જ્યારે તે સુરક્ષા દળોને જંગલ વિસ્તારમાં એક ઠેકાણા પર લઈ જઈ રહ્યો હતો ત્યારે તેણે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. યુવકના મૃત્યુની ન્યાયિક તપાસની માગ આ વચ્ચે જમ્મુ-કાશ્મીર સરકારમાં મંત્રી સકીના ઈટ્ટુએ માગરેના મૃત્યુની ન્યાયિક તપાસની માગ કરતા દાવો કર્યો કે, 'મૃતક વિરુદ્ધ પોલીસ રેકોર્ડમાં કંઈ નથી. માગરેના મૃત્યુની ન્યાયિક તપાસ થવી જોઈએ જેથી સત્ય બહાર આવી શકે. પહલગામ હુમલો ખૂબ જ દુ:ખદ અને દુર્ભાગ્યપૂર્ણ હતો. આપણે બધા તેનાથી દુ:ખી છીએ. જોકે, ડરનો માહોલ છે. હું લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાને વિનંતી કરું છું કે, તમે ગૃહ વિભાગને નિર્દેશ આપો કે નિર્દોષ લોકોને હેરાન ન કરવામાં આવે અને તેમને નુકસાન ન પહોંચાડે.' પૂછપરછ માટે કસ્ટડીમાં લીધો હતો બીજી તરફ પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં કહ્યું કે, 'કુલગામમાં નાળામાંથી વધુ એક મૃતદેહ મળી આવ્યો છે, જેના અંગે ગંભીર આરોપો લગાવવામાં આવી રહ્યા છે. સ્થાનિક રહેવાસીઓનો આરોપ છે કે, સુરક્ષા દળોએ બે દિવસ પહેલા પૂછપરછ માટે ઈમ્તિયાઝ માગરેની અટકાયત કરી હતી અને હવે તેનો મૃતદેહ રહસ્યમય રીતે નદીમાંથી મળી આવ્યો છે.' પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે, 'પહલગામમાં થયેલો આતંકવાદી હુમલો કાશ્મીરમાં શાંતિને પાટા પરથી ઉતારવા, પર્યટનને વિક્ષેપિત કરવાનો અને દેશભરમાં સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાનો સુનિયોજિત પ્રયાસ હતો.' લોકશાહી અને કાનૂની સિદ્ધાંતોનું ઉલ્લંઘન નેશનલ કોન્ફરન્સ (NC)ના લોકસભા સભ્ય આગા રુહુલ્લાહ મેહદીએ જણાવ્યું કે, હું માગરેનો મૃતદેહ મળી આવવાની ઘટનાથી ખૂબ જ ચિંતિત છું. વિશ્વસનીય અહેવાલો પ્રમાણે માગરેને થોડા દિવસ પહેલા સુરક્ષા દળોએ પકડ્યો હતો અને આજે તેને મૃત હાલતમાં તેના પરિવારને સોંપવામાં આવ્યો હતો. પહલગામ હુમલા પછી કાશ્મીરીઓના મૃત્યુને નુકસાનની ભરપાઈ તરીકે ન જોઈ શકાય. મનસ્વી અટકાયત, કસ્ટોડિયલ હત્યા અને ત્રાસ દરેક લોકશાહી અને કાનૂની સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે. આ પણ વાંચો: ધોરણ 12નું પરિણામ જાહેર: વિજ્ઞાન પ્રવાહનું 83.51 ટકા અને સામાન્ય પ્રવાહનું 93.7 ટકા પરિણામ આ ઘટના પહલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પ્રદેશમાં વધી રહેલા તણાવ વચ્ચે આવી છે.

## રાહુલ ગાંધી પર ભડક્યા શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ, હિન્દુ ધર્મમાંથી બહિષ્કારની જાહેરાત



જ્યોતિર્મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને લઈને મોટું નિવેદન આપ્યું છે.

તેમણે કહ્યું કે, રાહુલ ગાંધી હવે હિન્દુ ધર્મનો ભાગ નથી. શંકરાચાર્યએ રાહુલ ગાંધીના હિન્દુ ધર્મથી સાર્વજનિક રીતે બહિષ્કારની જાહેરાત કરી છે.બદ્રીનાથ સ્થિત શંકરાચાર્ય આશ્રમમાં પત્રકારો સાથે વાતચીત કરતા સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે, 'રાહુલ ગાંધીએ સંસદમાં મનુસ્મૃતિના સંદર્ભમાં જે નિવેદન આપ્યું, તેનાથી સંપૂર્ણ સનાતન ધર્મના અનુયાયીઓ દુ:ખી છે.

રાહુલ ગાંધી સંસદમાં કહે છે કે બળાત્કારીને બચાવવાનો ફોર્મ્યૂલા બંધારણમાં નથી તમારા પુસ્તક એટલે કે મનુસ્મૃતિમાં લખ્યું છે.'Nextતેમણે જણાવ્યું કે, 'રાહુલ ગાંધીને ત્રણ મહિના પહેલા એક નોટિસ મોકલવામાં આવી હતી, જેમાં તેમણે એ સ્પષ્ટ કહ્યું હતું કે, તેમણે મનુસ્મૃતિમાં જે વાત કહી છે, તે ક્યાં લખી છે? પરંતુ આટલા સમય બાદ પણ ન તો રાહુલ ગાંધીએ કોઈ જવાબ આપ્યો અને ન તો માફી માગી.

'આ પણ વાંચો: રાહુલ ગાંધીએ શ્રીરામને 'પૌરાણિક પાત્ર' ગણાવતા BJP ભડકી, કહ્યું- હિન્દુ વિરોધ જ કોંગ્રેસની ઓળખશંકરાચાર્યએ કહ્યું કે, 'જ્યારે કોઈ વ્યક્તિ સતત હિન્દુ ધર્મગ્રંથોનું અપમાન કરે છે અને સ્પષ્ટીકરણ આપવાથી બચે છે, તો તેને હિન્દુ ધર્મમાં સ્થાન ન આપી શકાય. હવે રાહુલ ગાંધીનો મંદિરોમાં વિરોધ થવો જોઈએ અને પુજારીઓને અપીલ છે કે તેઓ તેમની પુજા ન કરે કારણ કે તેઓ પોતે હિન્દુ કહેવાના અધિકારી નથી.'રાહુલ ગાંધીને કોઈએ સર્ટિફિકેટ આપવાની જરૂર નથી: અજય રાયઆ નિવેદન પર ઉત્તરપ્રદેશ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અજય રાયે વારાણસીમાં પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે, 'રાહુલ ગાંધીને કોઈએ સર્ટિફિકેટ આપવાની જરૂર નથી. તેમનાથી મોટું શિવભક્ત કોઈ નથી. રાહુલ ગાંધીએ એકલા છે જેમણે માનસરોવરની યાત્રા કરી છે અને તેમણે કેદારનાથની પદયાત્રા કરીને દર્શન-પૂજન કર્યા છે.'જો કે, શંકરાચાર્યના આ નિવેદનથી રાજનીતિમાં ખળભળાટ મચી ગયો છે. રાહુલ ગાંધી પહેલા પણ પોતાના નિવેદનોને લઈને વિવાદોમાં રહી ચૂક્યા છે, પરંતુ આ પહેલીવાર છે જ્યારે તેમને કોઈ ધાર્મિક સંસ્થા દ્વારા સાર્વજનિક બહિષ્કારનો સામનો કરવો પડી રહ્યો છે.

## તંત્રી લેખ



### પાકિસ્તાની સેના આતંકવાદનું મૂળ છે, મોટી કાર્યવાહી જરૂરી છે

ભારતમાં છેલ્લા 40-45 વર્ષથી આતંકવાદી ઘટનાઓ બની રહી છે, પરંતુ આમાંની કેટલીક ઘટનાઓ એટલી ગંભીર હતી કે તેણે તે સમયના ઈતિહાસને એક નવો વળાંક આપ્યો. જો આપણે છેલ્લા કેટલાક દાયકાઓની ઘટનાઓ પર નજર કરીએ તો, કેટલાક આતંકવાદી હુમલાઓ ખૂબ જ દુઃખદાયક રહ્યા છે. આમાંની પહેલી ઘટના ડિસેમ્બર 2001માં બની હતી, જ્યારે જૈશના આતંકવાદીઓએ ભારતીય સંસદ પર હુમલો કર્યો હતો.આ ઘટના પર ભારતમાં ભારે રોષ ફેલાયો હતો. તત્કાલીન વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીએ કહ્યું હતું કે હવે અંત સુધી લડાઈ લડવી પડશે. ભારતીય સેનાને 'ઓપરેશન પરાક્રમ' હેઠળ પાકિસ્તાન પર હુમલાની તૈયારી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, પરંતુ કેટલાક કારણોસર, ખાસ કરીને આંતરરાષ્ટ્રીય દબાણને કારણે, રાજકીય નેતૃત્વ તે નિર્ણયથી પાછળ હટી ગયું. લેફ્ટનન્ટ જનરલ એચએસ પનાગના મતે, તે એક એવો અવસર હતો જ્યારે ભારતીય સેના પાકિસ્તાનને દરેક પાસામાં હરાવવા સક્ષમ હતી, પરંતુ અમે તે તક ગુમાવી દીધી.બીજી મોટી આતંકવાદી ઘટના ત્યારે બની જ્યારે લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓએ નવેમ્બર 2008માં દેશની આર્થિક રાજધાની મુંબઈમાં એક સાથે અનેક સ્થળોએ હુમલો કર્યો. સમુદ્ર માર્ગે શહેરમાં પ્રવેશેલા આતંકવાદીઓએ 166 લોકોની હત્યા કરી. આ હુમલામાં 300 થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ ભારત પરનો સૌથી મોટો આતંકવાદી હુમલો હતો. તેને કમનસીબી કહો કે તત્કાલીન યુપીએ સરકારની નબળાઈ, આ ભયાનક આતંકવાદી હુમલાનો કોઈ જવાબ આપવામાં આવ્યો ન હતો. આંતરિક સુરક્ષાને મજબૂત બનાવવા માટે ચોક્કસપણે ઘણા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા હતા. નેશનલ સિક્યુરિટી ગાર્ડ-NSG યુનિટની જેમ મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ અને હૈદરાબાદમાં પણ સ્થાપના કરવામાં આવી હતી.રાષ્ટ્રીય તપાસ એજન્સી એટલે કે NIA ની રચના કરવામાં આવી. દરિયાઈ માર્ગોને સુરક્ષિત કરવા માટે એક મલ્ટી એજન્સી સેન્ટરની સ્થાપના કરવામાં આવી અને કોસ્ટલ સિક્યુરિટી પ્લાન ઘડવામાં આવ્યો. આ પછી, સપ્ટેમ્બર 2016 માં, ઉરીમાં પાકિસ્તાની આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં 18 સૈન્ય જવાનોએ જીવ ગુમાવ્યા. તેના જવાબમાં, કબજા હેઠળના કાશ્મીરમાં સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી. ત્યારબાદ ફેબ્રુઆરી 2019 માં, પુલવામામાં એક ભયાનક આતંકવાદી ઘટના બની. અહીં વિસ્ફોટકોથી ભરેલા એક વાહને CRPF કાફલાને એવી રીતે ટક્કર મારી કે 40 સૈનિકો શહીદ થઈ ગયા. બદલામાં, ભારતીય વાયુસેનાએ બાલાકોટમાં આતંકવાદીઓના ઠેકાણાઓ પર બોમ્બમારો કર્યો, જેમાં ઘણા આતંકવાદીઓ માર્યા ગયા. પહેલગામ ઘટના આ શ્રેણીની બીજી એક અત્યંત બર્બર ઘટના છે.પહેલગામમાં આતંકવાદીઓએ 26 પ્રવાસીઓની હત્યા કરી હતી. પ્રવાસીઓને તેમના નામ અને ધર્મ પૂછવામાં આવ્યા અને તેઓ મુસ્લિમ ન હોવાની ખાતરી થયા પછી, તેમને મારી નાખવામાં આવ્યા. આ પહેલી વાર બન્યું. આ ઘટનાથી ગુસ્સો અને આશ્ચર્ય બંને થયા. આશ્ચર્યનું કારણ એ હતું કે દિલ્હી અને શ્રીનગરથી આવતા સરકારી નિવેદનો એવું સૂચવતા હતા કે પરિસ્થિતિ સામાન્ય થઈ રહી છે.


-દિલીપ નાનજીભાઈ પટેલ

# આકરાં તાપમાં બહાર નીકળો ત્યારે સાવચેતી રાખો:આ 7 જરૂરી વસ્તુઓ ભૂલ્યાં વિના સાથે રાખો, ડૉક્ટર પાસેથી જાણો હીટ સ્ટ્રોકથી બચવાના ઉપાય

હાલમાં ઉત્તર ભારત સહિત દેશના ઘણા ભાગોમાં ભારે ગરમી પડી રહી છે. હવામાન વિભાગે ઘણા રાજ્યોમાં હીટવેવ એલર્ટ જાહેર કર્યું છે. આ સમય દરમિયાન લોકોને ઘરની બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવે છે.પરંતુ ઘણા લોકોને પોતાના કામ માટે તડકામાં બહાર જવાની ફરજ પડે છે. જોકે, જ્યારે તાપમાન સતત વધતું રહે છે અને લૂની સ્થિતિ ઉદ્ભવે છે, ત્યારે બહાર નીકળવું વધુ જોખમી બની જાય છે.આવા વાતાવરણમાં ડિહાઈડ્રેશન, ઝાડા, માથાનો દુખાવો, ત્વચા પર ફોલ્લીઓ જેવી સમસ્યાઓ સામાન્ય છે. આ સમસ્યાઓથી પોતાને બચાવવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે, જ્યારે પણ તમે ઘરની બહાર જાઓ છો, ત્યારે તમારે સંપૂર્ણ સાવધાની અને તૈયારી સાથે બહાર નીકળવું જોઈએ.તો ચાલો, આજે 'કામના સમાચાર'માં આપણે વાત કરીશું કે કાળઝાળ ગરમીમાં ઘરની બહાર નીકળતા પહેલા કઈ તૈયારીઓ કરવી જોઈએ. સાથે જ એ પણ જાણીશું કે તડકામાં બહાર જતી વખતે આપણે કઈ વસ્તુઓ સાથે રાખવી જોઈએ.નિષ્ણાતઃ ડૉ. બોબી દીવાન, સિનિયર ફિઝિશન, દિલ્હીપ્રશ્ન- ઉનાળામાં ઘરની બહાર નીકળતા પહેલા કઈ તૈયારીઓ કરવી જોઈએ?જવાબઃ આમ તો ઉનાળામાં ઘરની બહાર ન નીકળવું વધુ સારું છે પરંતુ જો તમારે ફરજિયાત બહાર જવું પડે તેમ હોય, તો પહેલા કેટલીક તૈયારીઓ કરવી જરૂરી છે. સૌ પ્રથમ આછા રંગના, ખુલ્લા-ઢીલા અને સુતરાઉ કપડાં પહેરો, જે હવાને સરળતાથી પસાર થવા દે અને શરીરને ઠંડુ રાખે. સીધા તાપથી બચવા માટે માથા અને ચહેરાને ટોપી, સ્કાર્ફ અથવા અન્ય કોઈપણ કપડાથી ઢાંકવાનું ભૂલશો નહીં.તમારી આંખને હાનિકારક અલ્ટ્રાવાયોલેટ (યૂવી) કિરણોથી બચાવવા માટે સનગ્લાસીસ પહેરો. જો તમે લાંબા સમય સુધી તડકામાં રહેવાના છો, તો ઓરલ રિહાઈડ્રેશન સોલ્યુશન (ORS)ના કેટલાક પાઉચ સાથે રાખો. બહાર જતાં પહેલા હળવો અને સરળતાથી પચે તેવો ખોરાક ખાવ. દિવસના સૌથી ગરમ સમયે એટલે કે બપોરે 12થી 3 વાગ્યાની વચ્ચે બહાર જવાનું ટાળો. આ સિવાય કેટલીક બીજી બાબતો પણ ધ્યાનમાં રાખો. નીચે આપેલા ગ્રાફિક પરથી આ સમજીએ-ચાલો હવે ગ્રાફિકમાં આપેલા મુદ્દાઓને વિગતવાર સમજીએ.સુતરાઉ અને ઢીલા કપડાં પહેરોઉનાળામાં આછા રંગના કપડાં પહેરવાથી સૂર્યના કિરણો પરાવર્તિત થાય છે, જેના કારણે શરીર ઓછું ગરમ થાય છે. ઢીલા કપડાં શરીરમાંથી હવા પસાર થવા દે છે, જેનાથી ઠંડક મળે છે. ઉપરાંત આખી બાંયવાળા કપડાં ત્વચાને સીધા સૂર્યપ્રકાશથી રક્ષણ આપે છે. જ્યારે સુતરાઉ કપડાં પરસેવો શોષવામાં મદદ કરે છે.માથાને ટોપી અથવા સ્કાર્ફથી ઢાંકોજ્યારે આકરો તડકો સીધો માથા પર પડે છે, ત્યારે હીટ સ્ટ્રોકનું જોખમ વધી જાય છે. તેવામાં ટોપી, ગમછો કે સ્કાર્ફ માથાને તડકાથી બચાવે છે અને તેને ઠંડુ રાખવામાં મદદ કરે છે.સનગ્લાસીસ પહેરોસૂર્યના તેજ કિરણો આંખો માટે હાનિકારક બની શકે છે. તેવામાં સનગ્લાસીસ આંખોને યૂવી કિરણોથી બચાવે છે અને તેજસ્વી પ્રકાશમાં વધુ સારી રીતે જોવામાં મદદ કરે છે.પાણીની બોટલ જરૂર રાખોઉનાળામાં શરીરમાં ખૂબ પરસેવો થાય છે, જેના કારણે ડિહાઈડ્રેશન થઈ શકે છે. ત્યારે તમે પાણીની બોટલ સાથે રાખીને સમયાંતરે પાણી પી શકો છો અને શરીરને હાઈડ્રેટેડ રાખી શકો છો.સનસ્ક્રીનનો ઉપયોગ કરોસૂર્યના હાનિકારક યૂવી કિરણો સનબર્ન, ટેનિંગ અને લાંબા ગાળે સ્કિન કેન્સરનું કારણ બની શકે છે. તેથી, ઘરની બહાર નીકળતા પહેલા તમારી ત્વચા પર સારી ગુણવત્તાની સનસ્ક્રીન લગાવો. આમ કરવાથી આ નુકસાનથી બચી શકાય છે.ORS, લીંબુ પાણી અથવા સત્તુનું દ્રાવણ પીવોઆ પીણાં શરીરને તાત્કાલિક ઊર્જા આપે છે અને ઈલેક્ટ્રોલાઈટ્સની ઊણપને પૂરી કરે છે. ORS ડિહાઈડ્રેશન સામે લડવામાં મદદ કરે છે, લીંબુ પાણી તાજગી આપે છે અને સત્તુનું દ્રાવણ પેટને ઠંડુ રાખે છે.બોડી મિસ્ટનો ઉપયોગ કરોઉનાળામાં પરસેવાને કારણે બેક્ટેરિયલ ચેપ લાગી શકે છે. કુદરતી અને હળવી સુગંધવાળા બોડી મિસ્ટનો ઉપયોગ તાજગીનો અહેસાસ કરાવે છે. સાથે જ તે પરસેવાની ગંધ પણ ઘટાડે છે.પ્રશ્ન- ઉનાળામાં ઘરની બહાર નીકળતા પહેલા કઈ વસ્તુઓ સાથે રાખવી જોઈએ?જવાબઃ જો તમે ઉનાળામાં ઘરની બહાર જઈ રહ્યા છો, તો ચોક્કસથી કેટલીક વસ્તુઓ તમારી સાથે રાખો. જેનાથી તમે આકરાં તાપની અસરોથી બચી શકો છો. નીચે આપેલા ગ્રાફિક પરથી આ સમજીએ-પ્રશ્નઃ જ્યારે ઘરની બહાર હોવ, ત્યારે કેવા પ્રકારની સાવચેતી રાખવી જોઈએ?જવાબઃ ઉનાળામાં તમારે તમારા સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું જોઈએ, ખાસ કરીને જો તમે ખુલ્લા વિસ્તારમાં કામ કરો છો. આ માટે વચ્ચે વચ્ચે વિરામ લો અને ઠંડી અથવા છાંયડીવાળી જગ્યાએ જાઓ. જો શક્ય હોય તો, બપોરે 12થી 3 વાગ્યા સુધી ભારે શારીરિક પ્રવૃત્તિ ન કરો.ફળો અને શાકભાજી સહિત હળવો, સરળતાથી પચે તેવો અને પૌષ્ટિક ખોરાક લો. ચક્કર આવવા, નબળાઈ લાગવી, માથામાં તીવ્ર દુખાવો, વધુ પડતો પરસેવો થવો અથવા ઓછો પરસેવો થવો એ બધા હીટ સ્ટ્રોકના લક્ષણો હોઈ શકે છે. તેને બિલકુલ ન અવગણો. આ સિવાય, કેટલીક બીજી બાબતો ધ્યાનમાં રાખો. નીચે આપેલા ગ્રાફિક પરથી આ સમજીએ-પ્રશ્ન- આકરાં તાપમાંથી ઘરે પાછા ફર્યા બાદ શું કરવું?જવાબ- જો તમે બહાર તડકામાંથી ઘરે પાછા ફરી રહ્યા છો, તો સૌ પ્રથમ થોડો આરામ કરો. ત્યારબાદ ઠંડા પાણીથી સ્નાન કરો અથવા ઠંડા પાણીમાં પલાળેલા કપડાંથી શરીરને સાફ કરો. ગરમીથી થાકેલા શરીરને આરામ આપવો ખૂબ જ જરૂરી છે. આ પછી, સરળતાથી પચે તેવો અને હળવો ખોરાક લો. તળેલા અને મસાલેદાર ભોજન ન ખાવ. જો કોઈ સમસ્યા લાગે, તો તરત જ ડૉક્ટરનો સંપર્ક કરો.એકંદરે, ભારે ગરમીમાં સાવધાની એ એકમાત્ર રક્ષણ છે. જરૂરી ન હોય તો ઘરની બહાર ન નીકળો. જો તમારે બહાર જવું પડે તેમ હોય તો ઉપરોક્ત બાબતો ધ્યાનમાં રાખો. જેનાથી તમે અને તમારો પરિવાર સુરક્ષિત રહી શકો છો. તમારી આસપાસના લોકોનું ધ્યાન રાખો અને તેમને ગરમીથી રક્ષણ વિશે જાગૃત કરો.



સંદર્ભઃ ડૉ. બોબી દીવાન, સિનિયર ફિઝિશન, દિલ્હી




# 'ડિજિટલ અરેસ્ટ'ની જાળમાં ફસાઈ ન જતાં:વીડિયો કૉલ કરીને સ્કેમર્સ બ્લેકમેલ કરશે પરંતુ ગભરાશો નહીં, જાણો ઠગાઈથી બચવાના ઉપાય

સાયબર ફ્રોડની નવી રીત 'ડિજિટલ અરેસ્ટ' વિશે તો તમે સાંભળ્યું જ હશે. ડિજિટલાઈઝેશનના યુગમાં આ સૌથી ખતરનાક અને ઝડપથી વિકસતી છેતરપિંડી છે. આ છેતરપિંડી એવી જાળ છે, જેમાં સામાન્ય નાગરિકો, પ્રોફેશનલ્સ, મોટા ઉદ્યોગપતિઓ અને વિદ્યાર્થીઓ પણ ફસાઈ રહ્યાં છે.કેન્દ્રીય ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, 2024ના પ્રથમ 10 મહિનામાં ભારતમાં ડિજિટલ અરેસ્ટ સ્કેમ દ્વારા 2,140 કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી. એટલે કે ડિજિટલ સ્કેમ દ્વારા દર મહિને સરેરાશ 214 કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી થઈ રહી છે. તેનાથી બચવા માટે જાગૃતિ અને તકેદારી ખૂબ જ મહત્વપૂર્ણ છે.તો ચાલો, આજે 'સાયબર લિટરસિ' કોલમમાં વાત કરીએ કે ડિજિટલ અરેસ્ટ શું છે? સાથે એ પણ જાણીશું કે-કઈ ભૂલોને કારણે લોકો આ છેતરપિંડીનો ભોગ બને છે?ડિજિટલ અરેસ્ટથી કેવી રીતે બચવું?નિષ્ણાતઃરાજેશ દંડોતિયા, એડિશનલ ડીસીપી, ક્રાઈમ બ્રાન્ચ, ઈન્દોરરાહુલ મિશ્રા, સાયબર સિક્યુરિટી એડવાઈઝર, ઉત્તર પ્રદેશ પોલીસપ્રશ્ન- ડિજિટલ અરેસ્ટ શું છે?જવાબઃ આ સાયબર ફ્રોડ (છેતરપિંડી)ની એક પદ્ધતિ છે, જેમાં સાયબર ગુનેગારો પોલીસ અધિકારી, સાયબર સેલ એજન્ટ અથવા સરકારી તપાસ એજન્સીના સભ્ય હોવાનું જણાવીને તમને કૉલ કરે છે. તે દાવો કરે છે કે, તમારી સામે એક ગંભીર કેસ (પોર્નોગ્રાફિક વીડિયો શેર કરવા, મની લોન્ડરિંગ અથવા ડ્રગ્સ સંબંધિત) કેસ નોંધાયેલો છે.આ દરમિયાન જ તે વ્હોટ્સએપ પર વીડિયો કૉલ કરે છે અને નકલી પોલીસ આઈડી કાર્ડ, વોરંટ કે કોર્ટનો ઓર્ડર બતાવે છે. તે વીડિયો કોલ પર પૂછપરછ માટે 'ડિજિટલ અરેસ્ટ (ડિજિટલ ધરપકડ)' કરે છે. આ પછી, તે પીડિતોને ધમકી આપે છે અને દંડ અથવા જામીનની રકમ ચૂકવવા દબાણ કરે છે.પ્રશ્ન- શું ભારતીય કાયદામાં ડિજિટલ અરેસ્ટ માટે કોઈ જોગવાઈ છે?જવાબઃ ઈન્દોર ક્રાઈમ બ્રાન્ચના એડિશનલ ડીસીપી રાજેશ દંડોતિયા કહે છે કે, ₹ભારતીય કાયદામાં ડિજિટલ અરેસ્ટ જેવી કોઈ વસ્તુ નથી.₹જો કોઈ તમને ડિજિટલ અરેસ્ટના નામે ધમકી આપવાનો કે ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યું હોય, તો તે છેતરપિંડી છે. આવી સ્થિતિમાં, તાત્કાલિક સંબંધિત સાયબર સેલ અથવા પોલીસને જાણ કરો.પ્રશ્ન- ડિજિટલ અરેસ્ટ સંબંધિત કાનૂની તથ્યો (લીગલ ફેક્ટ્સ) શું છે?જવાબઃ ભારતીય કાયદા હેઠળ, કોઈપણ વ્યક્તિની ધરપકડ માટે મજબૂત કાનૂની આધાર હોવો જોઈએ. યોગ્ય તપાસ અને કાનૂની પ્રક્રિયા વિના ધરપકડ શક્ય નથી. કોઈપણ પોલીસ અધિકારી કે સરકારી એજન્સી ફક્ત ઓનલાઈન નોટિસ, ઈમેલ કે મેસેજ દ્વારા તમને 'ડિજિટલ અરેસ્ટ' કરી શકતા નથી.કેટલીક મહત્વપૂર્ણ બાબતો જે હંમેશા યાદ રાખવી જોઈએ-જો કોઈ વ્યક્તિ સામે કોઈ કાનૂની કેસ નોંધાય છે, તો પહેલા પોલીસ યોગ્ય તપાસ કરે છે અને કાનૂની સમન્સ જારી કરવામાં આવે છે.જો તમને વ્હોટ્સએપ, ઈમેઈલ કે સોશિયલ મીડિયા પર ધરપકડની ધમકીઓ મળી રહી છે, તો તાત્કાલિક તેની ચકાસણી કરો અને સાયબર ક્રાઈમ સેલ કે પોલીસને ફરિયાદ કરો.કાનૂની નોટિસ અને યોગ્ય પ્રક્રિયા વિના કોઈપણ ધરપકડ માન્ય નથી. તો કોઈપણ ઓનલાઈન ધમકીઓથી ડરશો નહીં, સાવધ રહો અને સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર જાણ કરો.પ્રશ્ન- ડિજિટલ અરેસ્ટ રોકવા માટે ભારત સરકારે કયા પગલાં લીધાં છે?જવાબઃ તાજેતરમાં, કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી બંદી સંજય કુમારે લોકસભામાં માહિતી આપી હતી કે, સરકાર ડિજિટલ કૌભાંડોને રોકવા માટે સતત કામ કરી રહી છે. ફેબ્રુઆરી 2025 સુધીમાં 83,668 WhatsApp અકાઉન્ટ્સ અને 3,962 Skype ID બ્લોક કરવામાં આવ્યા છે. સાયબર સ્કેમ અને ડિજિટલ અરેસ્ટ જેવા ગુનાઓને રોકવાના ઉદ્દેશ્યથી આ કાર્યવાહી કરવામાં આવી છે.પ્રશ્ન- ડિજિટલ અરેસ્ટ સ્કેમથી બચવા માટે કઈ સાવચેતી રાખવી જોઈએ?જવાબઃ ઉત્તર પ્રદેશ પોલીસના સાયબર સુરક્ષા સલાહકાર રાહુલ મિશ્રા, આ સ્કેમથી બચવા માટે જરૂરી સાવચેતીઓ વિશે જણાવે છે. તેને નીચેના ગ્રાફિકમાં જુઓ-પ્રશ્ન- જો કોઈ ડિજિટલ અરેસ્ટની ધમકી આપતો ફોન કરે તો શું કરવું?જવાબઃ જો કોઈ તમને ફોન કરીને ડિજિટલ અરેસ્ટ (ધરપકડ)ની ધમકી આપે છે, તો ડરવાને બદલે આ સાવચેતીઓ રાખો. જેમ કે-આવા ફોન કૉલ્સ ફ્રોડ/બનાવટી હોય છે, જેનો ઉદ્દેશ્ય તમને ડરાવવાનો અને છેતરવાનો હોય છે. તેથી ફોન કરનારાઓની વાતમાં ન આવો.આવા ફોન કૉલ્સ પર તમારો આધાર નંબર, બેંક વિગતો, OTP, પાસવર્ડ અથવા અન્ય સંવેદનશીલ માહિતી શેર ન કરો.જો ફોન કરનાર કોઈ સરકારી એજન્સીનો હોવાનો દાવો કરી રહ્યો હોય, તો તેની જાતે ચકાસણી કરો.જો ફોન કરનાર દંડ, બેંક વિગતો અથવા ડિજિટલ ચુકવણીની માંગ કરે, તો તે 100% સ્કેમ છે. આવા નંબરો પર કોઈ ચુકવણી કરશો નહીં. તેમજ કોઈપણ લિંક કે એપ ડાઉનલોડ કરશો નહીં.જો શક્ય હોય તો, કૉલ રેકોર્ડ કરો અને સાયબર ક્રાઈમ પોર્ટલ (www.cybercrime.gov.in) પર અથવા સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવો.સંભવિત છેતરપિંડી કરનારાઓને ઓળખવા માટે તમારા ફોન પર 'Truecaller' અથવા 'Spam Detection' સર્વિસ ઓન રાખો.આવા છેતરપિંડીવાળા કૉલ વિશેની માહિતી તમારા મિત્રો અને પરિવાર સાથે શેર કરો, જેથી તેઓ પણ સતર્ક રહે. કોઈપણ શંકાસ્પદ કિસ્સામાં સત્તાવાર સાયબર સુરક્ષા એજન્સીઓ પાસેથી વિશ્વસનીય માહિતી મેળવો અને વાસ્તવિક હેલ્પલાઈન નંબરોનો સંપર્ક કરો.પ્રશ્ન- જો ડિજિટલ અરેસ્ટનો ભોગ બની ગયા હોય તો શું કરવું?જવાબઃ જો તમે ડિજિટલ અરેસ્ટનો ભોગ બનો છો.



ડિજિટલ અરેસ્ટ જેવું કંઈ હોતું નથી. પોલીસ, RBI કે EDના નામે આવતા વીડિયો કોલ પર વિશ્વાસ ન કરો. તેમને કોઈ પૈસા ન મોકલો. આવો કોઈપણ કોઈપણ કોલ આવે તો તરત પોલીસમાં ફરિયાદ કરો.

**રાજેશ દંડોતિયા,** એડિશનલ ડીસીપી, ક્રાઈમ બ્રાન્ચ, ઈન્દોર

## વડોદરામાં ચાર દિવસમાં વધુ એક વાહન ચોર પકડાયો, બ્રિજ નીચે છુપાવેલા ત્રણ ટુ વ્હીલર કબજે



વડોદરા પોલીસ ચાર દિવસમાં વધુ એક વાહનચોદને ઝડપી પાડી બે મહિના દરમિયાન ચોરેલા ત્રણ સ્કૂટર કબજે કર્યા છે. વડોદરા શહેરમાં બ્રિજ નજીક વાહનો પાર્ક કરી નોકરીએ જતા વાહન ચાલકોના વાહનો ચોરી થવાના બનાવો બનતા હોવાથી પોલીસે સીસીટીવી ફૂટેજ દ્વારા તપાસ કરી હતી. જે દરમિયાન ચાર દિવસ પહેલા એક અઠંઘ વાહન ચોર પાસે 15 દિવસમાં ચોરેલા 6 ટુ વ્હીલર મળી આવ્યા હતા. ત્યારબાદ પોલીસે પંજાબના વતની અને માંજલપુર અલવાનાકા વિસ્તારમાં દેવલ નગરમાં રહે મતા દિલબાગ સિંગ અઠવાલને ઝડપી પાડ્યો છે.પોલીસે વાહન ચોર પાસે બાઈકના કાગળ માંગતા મળી આવ્યા ન હતા. અને આ બાઈક ચોરી કર્યાની વિગતો ખુલી હતી. તપાસ દરમિયાન ગોત્રી અને કપુરાઈ વિસ્તારમાંથી વધુ બે સ્કૂટર પણ ચોરી કર્યા હોવાની માહિતી બહાર આવી હતી. ચોરી કરેલા સ્કૂટર વડસર બ્રિજ નજીક છુપાવી રાખ્યા હોવાથી પોલીસે કબજે કર્યા હતા.

## વડોદરા શહેર જિલ્લાનું ધો.12 વિ.પ્ર.નું 82.20 ટકા અને સા.પ્ર.નું રાજ્યમાં સૌથી ઓછું 87 ટકા પરિણામ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો.12 વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પરીક્ષાના આજે જાહેર થયેલા પરિણામમાં વડોદરા શહેર જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 82.20 ટકા અને સામાન્ય પ્રવાહનું પરિણામ 87 ટકા પરિણામ આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં વડોદરા શહેર જિલ્લાના 5892 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને તેમાંથી 4843 વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે 1060 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. ગત વર્ષ કરતા આ વર્ષના પરિણામમાં 0.30 ટકાનો ઘટાડો નોંધાયો છે.આ પણ વાંચો : ધોરણ 12નું પરિણામ જાહેર: વિજ્ઞાન પ્રવાહનું 83.51 ટકા અને સામાન્ય પ્રવાહનું 93.7 ટકા પરિણામજ્યારે સામાન્ય પ્રવાહમાં વડોદરા શહેર જિલ્લાનું 87 ટકા પરિણામ આવ્યું છે. જે રાજ્યમાં સૌથી ઓછું છે. આમ છતા સમગ્ર રાજ્યનું પરિણામ વધારે આવ્યું હોવાથી વડોદરાનું આ છેલ્લા આઠ વર્ષોમાં સૌથી વધારે પરિણામ છે. વડોદરામાંથી 14684 નિયમિત વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને આ પૈકીના 12888 વિદ્યાર્થીઓ પાસ થયા છે. 1830 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

## અમદાવાદના મકરબામાં મેઈન રોડ પર પડ્યો મોટો ભૂવો, રિક્ષાચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત




અમદાવાદના મકરબામાં મેઈન રોડ પર ભૂવો પડતા એક રિક્ષાચાલક અહીંથી પસાર થતો હતો. આ દરમિયાન તેનું ધ્યાન ચૂક થતાં રિક્ષા ભૂવામાં ખાબકી હતી. પહેલા એક નાનકડો ખાડો હતો પણ રોડ બેસી જતાં ધડાકા સાથે ભૂવો પડ્યો હતો. આ ભૂવામાં રિક્ષાનો આગળનો ભાગ ગરકાવ થયો હતો. જેમાં રિક્ષાચાલકને ઈજાઓ થતાં તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. મળતી માહિતી અનુસાર, મકરબા મેઈન રોડ પર આવેલા અતુલ્યમ એપાર્ટમેન્ટ નજીક આ ભૂવો પડ્યો છે. એક રિક્ષાચાલક આ રસ્તેથી પસાર થઈ રહ્યો હતો. ત્યાં અચાનક રસ્તો બેસી જતા ધડાકા સાથે ભૂવો પડ્યો અને રિક્ષાનો આગળનો અડધો ભાગ અંદર ઘૂસી ગયો હતો. આ દુર્ઘટનામાં રિક્ષાનો કાચ તૂટી ગયો અને રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો તેમજ રિક્ષાચાલકને ઈજાઓ પહોંચતા હોસ્પિટલે ખસેડાયો હતો. મળતી માહિતી અનુસાર, મકરબા મેઈન રોડ પર આવેલા અતુલ્યમ એપાર્ટમેન્ટ નજીક આ ભૂવો પડ્યો છે. એક રિક્ષાચાલક આ રસ્તેથી પસાર થઈ રહ્યો હતો. ત્યાં અચાનક રસ્તો બેસી જતા ધડાકા સાથે ભૂવો પડ્યો અને રિક્ષાનો આગળનો અડધો ભાગ અંદર ઘૂસી ગયો હતો. આ દુર્ઘટનામાં રિક્ષાનો કાચ તૂટી ગયો અને રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો તેમજ રિક્ષાચાલકને ઈજાઓ પહોંચતા હોસ્પિટલે ખસેડાયો હતો.

## વડોદરાની પ્રજ્ઞાચક્ષુ યેશાએ લેપટોપથી પરીક્ષા આપી 96.23 પર્સેન્ટાઈલ મેળવ્યા, UPSC પાસ કરવાની ઈચ્છા



સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના આજે સોમવારે જાહેર થયેલા પરિણામમાં વડોદરાની પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીની યેશા મકવાણાએ ધોરણ 12 આર્ટસમાં 96.23 પર્સેન્ટાઈલ મેળવ્યા છે. યેશાએ લેપટોપ પર પરીક્ષા આપી હતી. પોતાની સફળતા વિશે વાત કરતા તેણે કહ્યું કે, 'લેપટોપ પર પરીક્ષા આપવાની હોવાથી મારે ટાઈપિંગની પ્રેક્ટિસ કરવી પડી હતી. મેં રોજ અમુક કલાકો સુધી વાંચવું તેવો ટાર્ગેટ નહોતો રાખ્યો. સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાનું હું ટાળતી હતી. લેક્ચરો સાંભળવા માટે યુટ્યુબનો ઉપયોગ કર્યો હતો.' યેશાની ઈચ્છા ભવિષ્યમાં યુપીએસસી પરીક્ષા પાસ કરવાની છે. રાઈટરની મદદથી નહીં, લેપટોપથી પરીક્ષા આપો વધુમાં તેણે કહ્યું હતું કે, 'બોર્ડની પરીક્ષા છે તેવું માનીને ગભરાઈ જવાની જરૂર નથી અને મારા જેવા બીજા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને કહેવા માગું છું કે શક્ય હોય તો લેપટોપ પર પરીક્ષા આપો. તેનાથી રાઈટરની મદદની જરૂર નહીં પડે. મારી સફળતાનો શ્રેય હું મારા શિક્ષકો અને મારા માતાપિતાને આપું છું.' યેશાને યુપીએસસી પાસ કરવાની ઈચ્છા યેશાના પિતાએ કહ્યું હતું કે, 'યેશા અમારા પરિવાર માટે વરદાન સમાન છે. તેની સફળતાને બિરદાવવા માટે મારી પાસે શબ્દો નથી. અમને તેને ભણાવવામાં તકલીફો પડી છે, પરંતુ સામે શિક્ષકો અને બીજા લોકોનો સહકાર પણ એટલો જ મળ્યો છે.

## વડોદરા મ્યુનિસિપલ કમિશનરની કચેરીએ આખરે 10 વર્ષે મહાદેવની પ્રતિમાનું પુનઃસ્થાપન થશે





ગુજરાતમાં ભરઉનાળે વાતાવરણમાં અચનાક પલટો આવ્યો છે, ત્યારે રાજ્યના અનેક વિસ્તારોમાં ગરમીના માહોલ વચ્ચે મેઘગર્જના અને પવન ફૂંકાવવાની સાથે કમોસમી વરસાદ પડ્યો છે. તેમજ કેટલાક વિસ્તારોમાં કરા પડ્યા હોવાનું સામે આવ્યું છે. આજે રવિવારે (4 મે, 2025) વહેલી સવારથી જ અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા અને સુરેન્દ્રનગરમાં કમોસમી વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં અનેક જગ્યાએ માવઠું થતાં ખેડૂતોના ડાંગર, એરંડા, ઘઉં, કપાસ, કેરી સહિતના પાકોને ભારે નુકસાન પહોંચતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી 8 મે, 2025 સુધી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે કમોસમી વરસાદ, કરા પડવા અને 60-80ની સ્પિડે પવન ફૂંકાવવાની આગાહી કરી છે. ચાલો જાણીએ કયા જિલ્લામાં કેવું રહેશે હવામાન. આવતીકાલે ભારે કમોસમી વરસાદ-કરા પડવાની ચેતવણીરાજ્યમાં હવામાન વિભાગની આગાહીને પગલે 4 મે, 2025ના રોજ અનેક વિસ્તારોમાં માવઠું થયું. હવામાન વિભાગની આગાહી મુજબ, 4-5 મેના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના, કરા પડવા, પવન ફૂંકાવવાની સાથે ભારે વરસાદની આગાહી છે. આ સાથે મહેસાણા, મોરબી, રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે કરા પડવાની ચેતવણી છે. 6 મેની આગાહીરાજ્યમાં વાતાવરણ પલટાયું છે, ત્યારે હવામાન વિભાગે આગામી 4 દિવસ ભારેથી અતિભારે કમોસમી વરસાદની આગાહી કરી છે. જેમાં 6 મેના રોજ સૌરાષ્ટ્રના જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને દક્ષિણ ગુજરાતના ભરૂચ, નર્મદા, અને છોટા ઉદેપુર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ, 70-80 કિલો.મી. પ્રતિ કલાકની સ્પિડે પવન ફૂંકાવવો અને વીજળીના કડાકા-ભડાકા સાથે ભારે કમોસમી વરસાદની આગાહીને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત રાજ્યના તમામ જિલ્લામાં મધ્યમ મેઘગર્જનાની આગાહી હવામાન વિભાગે કરી છે. આ પણ વાંચોઃ ભરઉનાળે ગુજરાતનાં અનેક જિલ્લામાં કમોસમી વરસાદ,વીજળી પડતાં ખેડૂતનું મોતઃ જુઓ ક્યાં કેવી સ્થિતિ26 જિલ્લામાં ભારેથી અતિભારે માવઠાની આગાહીઆગામી 7 મેના રોજ રાજ્યના 26 જિલ્લામાં ભારેથી અતિભારે માવઠાની આગાહી છે, ત્યારે દેવભૂમિ દ્વારકા, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા જિલ્લામાં ગાજવીજ સાથે અતિભારે કમોસમી વરસાદને પગલે હવામાન વિભાગે ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. જ્યારે કચ્છ, મોરબી, જામનગર, સુરેન્દ્રનગર, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, સુરત, તાપી, પોરબંદર, ગીર સોમનાથ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની આગાહી છે.

આ સિવાયના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, નવસારી, ડાંગ, વરસાડ અને મહેસાણા જિલ્લામાં પણ 60-80 કિલો.મી. પ્રતિ કલાકની સ્પિડે પવન ફૂંકાવવાની સાથે વીજળીની ચેતવણી છે.

## વડોદરાના ગોરવા વિસ્તારમાં વારંવાર દબાણો દૂર કરવા છતાં પુનઃ થઈ જાય છે ફરી દબાણો હટાવ્યા



વડોદરા શહેરના ટીમ વિભાગના ઉત્તર વિસ્તારમાં પાલિકા તંત્ર દ્વારા મધુનગર સહિત આસપાસ વારંવાર ગેરકાયદે દબાણ દૂર કરવામાં આવે છે છતાં પણ ગેરકાયદે દબાણનો રાફડો તાત્કાલિક થઈ જાય છે. દબાણ શાખાની ટીમે ગોરવા વિસ્તારની મધુનગરથી આશિયાના પાર્ક સુધીના સ્થાનિક રહીશો સહિત દુકાનદારોએ ગેરકાયદે બનાવાયેલી કમ્પાઉન્ડ વોલ અંગે પાલિકા તંત્રને ફરિયાદો મળી હતી. જેથી આજે સવારે દબાણ શાખાની ટીમ ગોરવા વિસ્તારના મધુનગર ખાતે પહોંચી ગઈ હતી. જ્યાંથી આશિયાના પાર્ક સુધીના મકાન ધારકોએ ગેરકાયદે બનાવેલી કમ્પાઉન્ડ સહિત ફેન્સીંગ પર બુલડોઝર ફેરવી દીધું હતું. ટીપી 55 એ ની આ કાર્યવાહી નક્કી કરવામાં આવી હતી. દબાણ શાખાની ટીમે ગેરકાયદે કમ્પાઉન્ડ વોલ અને ફેન્સીંગ પર બુલડોઝર ફેરવી દેતા આવા ગેરકાયદે દબાણ ધારકોએ દબાણ શાખાની ટીમ સાથે પરીક્ષા રકઝક કરી હતી. પરંતુ ઘટના સ્થળે હાજર પોલીસ કાફલાએ દરમિયાનગીરી કરતા દબાણ શાખાની ટીમની કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે પૂરી થઈ હતી.

આવી જ રીતે શહેરના દક્ષિણ વિસ્તારમાં ભાયલી ખાતે વોર્ડ નં.10 માં પણ ગેરકાયદે દબાણનો સફાયો કરવા પાલિકા તંત્રની ટીમ પહોંચી ગઈ હતી. ભાયલી ગામમાં બસ સ્ટેન્ડ પાસે તથા આસપાસના ગેરકાયદે હંગામી લારી ગલ્લા, કેબીનો સહિત કેરી અને તરબૂચના તંબુઓ દબાણ શાખાની ટીમે દૂર કરીને કુલ ત્રણ ટ્રક જેટલો માલ સામાન કબ્જે કર્યો હતો.

## ખેડામાં 2 નરાધમોએ સગીરા પર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવી, ડરાવી ધમકાવી ગર્ભપાત કરાવ્યો




રાજ્યમાં સતત છેડતી અને દુષ્કર્મના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે.

ગુજરાતની મહિલાઓ માટે દેશભરમાં સૌથી સુરક્ષિત રાજ્ય હોવાના દાવા પોકળ સાબિત થઇ રહ્યા હોય એવું લાગી રહ્યું છે.

ત્યારે ખેડા જિલ્લાના પુનાજ ગામે 14 વર્ષની સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવતાં ચકચાર મચી જવા પામી છે. બકરી ચરાવવા ગયેલી સગીરા પર દુષ્કર્મ આચનાર બે આરોપીઓને ઝડપી પાડી કાયદેસર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ખેડા જિલ્લાના પુનાજ ગામે 14 વર્ષની સગીરા બકરી ચરાવવા ગઇ હતી ત્યારે બે યુવકો દ્વારા દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવી દેવાતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સગીરા ગર્ભવતી થતાં તેને વસોના ડૉક્ટર ભરવાડ પાસે લઈ જઈ ગુપ્ત રીતે ગર્ભપાત કરાવવામાં આવ્યો હતો. ડૉક્ટર આરોપી યુવકોના કાકા હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે.

ડૉક્ટરે પીડિતાને ડરાવી ગર્ભપાત કરાવવા દબાણ કર્યું હોવાનો આક્ષેપ પરિવારજનો દ્વારા કરવામાં આવ્યો છે.આરોપી દ્વારા પીડિતાના પરિવારને મામલો દબાવવા માટે ધમકી આપવામાં આવી હતી.

આ સમગ્ર મામલે પીડિતાના પરિવારે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે પોક્સો એક્ટ તથા બળાત્કારની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસે ઘટનાની ગંભીરતા જોતા ઝડપી કાર્યવાહી કરીને બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. સગીરાને હાલ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. ગર્ભપાત દાટી દેવાયેલા ભ્રૂણનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. ભ્રૂણના હાડકાના સેમ્પલ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાસે મોકલવામાં આવ્યા છે. પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લઇ પંચનામા કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે વસોના વિવાદિત ડૉક્ટર વિરુદ્ધ પણ ગુનો દાખલ કરી ધરપકડ કરવા તપાસ હાથ ધરી છે.

અગાઉ પણ ડોકટર ભરવાડ વિવાદોમાં રહ્યા છે, તેમના ક્લિનિકમાં ગેરકાયદેસર પ્રવૃતિ કરવામાં આવતી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. મહિલા સુરક્ષાની વાતો ફક્ત નેતાઓના નિવેદનમાંદીકરીઓની સુરક્ષાની મોટી મોટી વાતો વચ્ચે ગુજરાતમાં દુષ્કર્મના બનાવો વધતા રાજ્યની દીકરીઓ અને તમેના પરિવારને ભય અને અસલામતીનો અનુભવ થઈ રહ્યો છે.

કાયદો અને વ્યવસ્થા જાળવવાના ભાજપ સરકારના દાવાઓ પોકળ સાબિત થયા છે. મહિલાઓની સુરક્ષાની વાતો ફક્ત રાજકારણીઓના ભાષણ અને નિવેદનો પુરતી જ સિમિત રહી ગઈ છે. ગાંધીના ગુજરાતમાં દરરોજ ગુનાનો ગ્રાફ ઉંચો જઈ રહ્યો છે.

## જામનગરમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઇન્સ્ટિટ્યૂટમાં પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ યોજાયો



પોલીસ મહાનિરીક્ષક રાજકોટ વિભાગના અશોક કુમાર યાદવ તથા જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ જિલ્લા ક્રાઈમ કોન્ફરન્સ અનુસંધાને આપેલા માર્ગદર્શન મુજબ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, જામનગર દ્વારા તા.03.05.2025 ના રોજ ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટંટ ઓફ ઇન્ડિયાના કાર્યાલય ખાતે સાયબર ક્રાઈમ અવરેનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ આયોજન જામનગર શહેરના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા તેમજ સાયબર પી.આઈ. આઈ.એ.ધાસુરાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સેમિનાર દરમ્યાન સરકારી વકીલ જમનભાઈ ભંડેરી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમીનારમા 70 જેટલા ચાર્ટર્ડ એકાઉન્ટંટ તેમજ તે વ્યવસાય સાથે જોડાયેલ અન્ય લોકો હાજર રહતા હતાં. આ સેમિનાર દરમ્યાન સાયબર પી.એસ.આઈ. એચ.કે.ઝાલા એ સાયબર સિક્યુરિટી ઈન એકાઉન્ટન્સી વિષય પર તેમજ અન્ય વિવિધ પ્રકારના સાયબર ક્રાઈમ જેવા કે, વીશીંગ કોલ, ફીશીંગ મેઈલ, ફેક શોપીંગ વેબસાઈટ, ક્યુઆર કોડ સ્કેમ વિગેરે બાબતે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિગતવારની સમજ આપવામાં આવી હતી તેમજ તેનાથી બચવાના ઉપાયો અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ સાયબર ક્રાઈમ અવેરનેસ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેમિનાર દરમિયાન વોટ્સએપ તેમજ અન્ય સોશિયલ મીડિયા વેબસાઈટ્સના સિક્યુરિટી સેટિંગ અને માહિતી આપવામાં આવી તેમજ સોશિયલ એન્જિનિયરિંગ વિશે જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત સાયબર હેલ્પલાઈન વિશે પણ વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વિટર તેમજ વોટ્સએપ ચેનલ પેજ પર નવી માહિતી શૅર કરીને, લોકોને સતત સાયબર ફ્રોડની નવી નવી ઘટનાઓ વિશે માહિતગાર કરવામાં આવે છે. આ સેમિનારમાં સીએ. જયદીપ રાયમંગિયા, (સેક્રેટરી જામનગર સીએ બ્રાંચ), સીએ.મોહમ્મદ શફી કુરેશી, (ઉપ પ્રમુખ જામનગર સીએ બ્રાંચ) સીએ. વિશાલ સાકરિયા(પ્રમુખ, જામનગર સ્ટુડન્ટ્સ બ્રાંચ), સીએ. દિપક દામા, (મેનેજિંગ કમિટીના સભ્ય જામનગર સીએ બ્રાંચ) સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જીએસએફસી કંપનીના હંગામી કર્મચારીઓનો પગાર મુદ્દે લેબર કમિશનર કચેરી ખાતે દેખાવો



જીએસએફસી કંપનીના કોન્ટ્રાક્ટના 120 જેટલા હંગામી કર્મીઓને છેલ્લા ત્રણ મહિનાથી પગાર આપવામાં આવ્યો નથી. જેથી તમામ કર્મીઓ એકત્ર થઈને રજૂઆત કરવા લેબર કમિશનર કચેરીએ પહોંચ્યા હતા. જ્યાં ભારે સૂત્રોચાર સાથે અમે અમારો હક માંગીએ છીએ, નથી કોઈની ભીખ માંગતા જેવો ભારે સૂત્રોચાર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે જીએસએફસીમાં હંગામી કર્મચારીઓને કોન્ટ્રાક્ટ કર્મીઓ તરીકે નોકરીએ લેવાયા હતા. જેમાં મોટાભાગના કર્મીઓ દશરથ ગામના હતા. ગયા ફેબ્રુઆરી મહિનાથી તમામ 120 કર્મીઓને પગાર આપવામાં આવ્યો નથી. કેટલા યુનિટો બંધ થયા હોવાનું જીએસએફસી તંત્ર દ્વારા જણાવાઇ રહ્યું છે. જોકે લેબર કમિશનર કચેરીએ અગાઉ પણ પગાર બાબતે રજૂઆતો કરી હતી. જીએસએફસીમાં વર્ષોથી નોકરી કરીએ છીએ અને અત્યાર સુધી પગાર મળતો હતો હવે છેલ્લા ત્રણ મહિનાથી પગાર મળ્યો નથી. મોટાભાગના હંગામી કર્મીઓ દશરથ ગામના છે અને તેથી તેમને હેરાન કરાતા હોવાનો આક્ષેપ કરાયો છે. કંપની તંત્ર દ્વારા પગાર મળતો નથી તો ઘર કેવી રીતે ચાલે એવા પણ સવાલો હંગામી કર્મીઓએ કર્યા હતા. હંગામી કર્મીઓએ લેબર કમિશનર કચેરીએ જઈ પહોંચીને અમે અમારો હક માંગીએ છીએ કોઈ ભીખ માંગતા નથી. સહિત અમે હિન્દુસ્તાની નાગરિકો છીએ તેવા ભારે સૂત્રોચાર સાથે વાતાવરણ ગજવ્યું હતું.

## ગૌરક્ષા કાર્યકર્તાઓએ આજવા ચોકડીથી કતલખાને લઈ જવાતા છ પશુઓને બચાવ્યા, 8.90 લાખનો મુદ્દામાલ કબજે



કતલખાને લઈ જવાના ઈરાદે પશુઓને ક્રૂરતા પૂર્વક ભરી આજવા ચોકડી પાસેથી પસાર થઈ રહેલ છ પશુઓ ભરેલ બે ગાડીઓને ગૌરક્ષા કાર્યકર્તાઓએ ઝડપી પાડતા કપુરાઈ પોલીસે પશુઓ તથા ગાડીઓ સહિત 8.90 લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાર શખ્સોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગૌરક્ષા વિશ્વ હિન્દુ પરિષદ વડોદરાને વાઘોડિયા ચોકડીથી ગોલ્ડન ચોકડી તરફ બે પિકઅપ ગાડીમાં પશુઓ ભર્યા હોવાની માહિતી મળી હતી. જેના આધારે કાર્યકર્તાઓએ આજવા ચોકડી બ્રિજ ખાતેથી પશુઓ ભરેલ બંને પિકઅપ ગાડીને ઝડપી પાડી પોલીસને જાણ કરી હતી. પોલીસની પ્રાથમિક પૂછતાછમાં ગાડી ચાલક નજીમભાઈ જમાલભાઈ પાયક અને ક્લીનર રજાકભાઈ ઉંમરભાઈ કાબલીયા (બંને રહે-મહુવા ,ભાવનગર) હોવાનું બહાર આવ્યું હતું. તેઓની ગાડીમાંથી ત્રણ પશુ મળી આવ્યા હતા. જ્યારે બીજી ગાડીના ચાલક રફિકભાઈ ઈસાભાઈ કાબલીયા અને ક્લીનર મજીદ મહમદભાઈ વકાત (બંને રહે-મહુવા, ભાવનગર) હોવાનું બહાર આવ્યું હતું. તેઓની ગાડીમાંથી પણ ત્રણ પશુ મળી આવ્યા હતા. પોલીસે પાસે પરમિટ વગર રૂ.90 હજારની કિંમતના 6 પશુઓ તથા ગાડી સહિત કુલ રૂ.8.90 લાખનો મુદ્દામલ કબ્જે કરી આ પશુઓ કોણે ભરી આપ્યા અને કોને પહોંચાડવાના હતા તે સહિતના મુદ્દે તપાસ આરંભી છે. જ્યારે પશુઓને કોર્પોરેશનના દરજીપુરા પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા છે.

# ધંધુકા GIDC માં બાયોકોલના કાચા માલમાં વિકરાળ આગઃ 1500 ટન જથ્થો બળીને ખાક




ધંધુકા જીઆઈડીસીમાં બાયોકોલ બનાવતી ફેક્ટરીની સામે ખુલ્લા ખેતરમાં બળતણ માટે રાખેલાં કાચામાલમાં ગત બપોરના સુમારે અગમ્ય કારણોસર આગ લાગતાં અંદાજે ૧૫૦૦ ટન કાચો માલ બળીને ખાક થઈ ગયો હતો. બનાવની જાણ થતાં જ ધંધુકા ઉપરાંત અન્ય ત્રણ સ્થળેથી ફાયર બ્રિગેડની મદદથી અંદાજે ૨૦ કલાકની ભારે જહેમતના અંતે આગ કાબૂમાં લેવાતા મોટી દૂર્ઘટના ટળી હતી. સદ્નસીબે આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. બીજી તરફ જ્યાં સુધી વિકરાળ આગ કાબૂમાં આવી ન હતી ત્યાં સુધી આસપાસમાં આવેલી કેમિકલ અને કોટનની ફેક્ટરીના માલિકોના જીવ તાળવે ચોંટયા હતા. બનાવની વિગત એવી છે કે, ધંધુકા જીઆઈડીસીમાં બાયોકોલ બનાવતી મારૂતિ બાયોકોલ કંપનીએ તેની ફેક્ટરીની સામેના ભાગે આવેલાં અંદાજે ૭.૫ વિધાના વિશાળ ખેતરમાં બળતણ માટે રાખેલાં કાચામાલમાં ગત શનિવારે બપોરના સુમારે આગ લાગી હતી. ખેતરમાં પડેલો કાચો માલ જ્વલનશીલ હોવાની સાથોસાથ પવનની ઝડપ પણ વધુ હોવાથી જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લિધું હતું.આગ એ હદે વિકરાળ બની ગઈ હતી કે, આકાશમાં કાળા ડીબાંગ વાદળો સર્જાયા હતા. આ તરફ,આગના કારણે કંપનીની સામે અને બાજૂમાં આવેલી કંપનીઓ સહિત સમગ્ર જીઆઈડીસી વિસ્તારમાં નાસભાગ મચી ગઈ હતી. જો કે,થોડા સમય માટે આગ પર કાબૂમાં લેવાતાં રાહત અનુભવાઈ હતી. પરંતુ, બાદમાં ફરી આગ વિકરાળ બનતાં ધંધુકા ફાયર બ્રિગેડને જાણ કરાતાં ધંધુકા મામલતદાર અને ફાયર ટીમ સહિતનો મસમોટો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.જ્યારે,આગની વિકરાળતાં જો તાં ધંધુકા ઉપરાંત,ધોળકા,બરવાળા અને બોટાદ ફાયર ટીમની મદદ લેવામાં આવી હતી. જો કે, આગના સ્થળની આસપાસ કેમિકલ અને કોટનની જીન હોવાથી ફાયર ટીમે વિવિધ બાઉઝર મારફતે કંપનીની બોર્ડર પર પાણીનો છંટકાવ કરી આગને આગળ વધતી અટકાવી હતી. તો, બીજી તરફ કાચા માલમાં વધતી આગને અટકાવવા સ્થાનિકો અને ફાયરની અન્ય ટીમ દ્વારા સતત પાણીનો છંટકાવ કરાયો હતો. આખરે અંદાજે ૨૦ કલાકની ભારે જહેમતના અંતે આગ કાબૂમાં આવી હોવાનું સતાવાર સૂત્રોએ વિગત આપતાં જણાવ્યું હતું. જ્યારે, આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી. જ્યારે, આ વિકરાળ આગમાં લાખ્ખોની કિંમતનો અંદાજે ૧૫૦૦ ટન કાચો માલ બળીને ખાક થઈ ગયો હોવાનું ફેક્ટરીના માલિક કૌશિક પટેલે દાવા સાથે જણાવ્યું હતું. જ્યારે, આ બનાવમાં સદ્નસીબે કોઈ જાનહાનિ ન થતાં તંત્ર અને ફેક્ટરી માલિકે રાહત અનુભવી હતી. આગના સ્થળની આસપાસ કેમિકલ અને કોટન જીન હોવાથી ફેક્ટરી માલિકોના જીવ તાળવે ચોંટયા : ફાયર, સ્થાનિકોની રાતભર મહેનતના અંતે 20 કલાકે આગ કાબૂમાઆગની બાજૂની જીનમાં આગનું છમકલું, પાણી છાંટી કાબૂમાં લેવાઈ જ્યાં આગ લાગી હતી તેની આસપાસમાં કેમીકલ કંપની અને કોટન જીન આવેલા છે. જેમાં કોટન મીલમાં પડેલા કપાસના એક ઢગલામાં આગ લાગતાં ફેક્ટરીના કર્મચારીઓ અને સ્થઆનિકોએ પાણી છાંટી આગને બૂઝાવી દિધી હતી. સદ્નસીબે આ સ્થલે પણ આગ કાબૂમાં આવતાં આગની અન્ય એક મોટી દૂર્ઘટના થતાં અટકી હતી.

## 'તુજે તો આજ મેં દેખ લુંગા, મેને તેરે લિયે બંદૂક લી હૈ', વાઘોડિયામાં સ્કૂલના પ્રિન્સિપાલને ધમકી



વડોદરાના વાઘોડિયા તાલુકામાં આવેલી સ્કૂલના પ્રિન્સિપાલના વોર્ડન સાથે આડા સંબંધો છે તેઓ વહેમ રાખી વોર્ડનના પતિએ પ્રિન્સિપાલને ધમકી આપી હતી. જાણો શું છે મામલો વાઘોડિયા તાલુકાના ગજાદરા ગામે આવેલી એકલવ્ય મોડલ રેસિડેન્સી સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવતા સચિન રામઅવતાર ત્યાગીએ વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં મનોહર અર્જુનરાવ શર્મા સામે નોંધાવેલી ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, 'હું છેલ્લા એક વર્ષથી સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવું છું તેમજ સ્કૂલના ક્વાર્ટર્સમાં જ પત્ની સાથે રહું છું. શાળામાં વોર્ડન તરીકે કવિતા મનોહર શર્મા તેમના પતિ સાથે શાળાના કેમ્પસમાં રહેતા હતા. પરંતુ છેલ્લા આઠ માસથી પતિ પત્ની વચ્ચે ઝઘડા થતા હોવાથી તેની શાળાના બાળકો ઉપર અસર થતી હોવાથી કવિતાના પતિને કેમ્પસમાં રહેવા પર પ્રતિબંધ લગાવી શાળામાંથી બહાર કાઢી મુકેલ છે આ પણ વાંચોઃ રાજકોટમાં સગીરાને બેભાન કરી દુષ્કર્મ આચર્યાનો આરોપ, આરોપી યુવકે આઘાતમાં ગળે ફાંસો ખાધો ફરિયાદમાં જણાવ્યું છે કે, 'જેના કારણે મનોહર મારી સાથે તેની પત્ની આડો સંબંધ રાખે છે તેવો વહેમ રાખીને હું ક્વાર્ટર્સમાંથી ઓફિસે જતો હતો ત્યારે સ્કૂલના શાળાના મુખ્ય ગેટ પાસે તે બૂમાબૂમ કરતો હતો. પરંતુ સમય થતાં હું ઓફિસે જતો રહ્યો હતો. ત્યારબાદ બપોરે મનોહર નશો કરેલી હાલતમાં ગેટ પાસે આવી બોલાચાલી કરતો હતો જેથી તેની પત્ની કવિતાએ પોલીસમાં ફોન કરી પોલીસ બોલાવી લીધી હતી. ત્યારબાદ બપોરે મને ફોન કરી તુજે તો મેં આજ ખતમ કર દુંગા મેને તેરે લિયે બંદૂક લી હૈ આજ તો તું ગયા કહી અપ શબ્દો બોલવાનું ચાલુ રાખ્યું હતું.'

## આજે ધો. 12 વિ.પ્ર.ના 6,366, સામાન્ય પ્રવાહના 17,454 વિદ્યાર્થીનું પરિણામ





ભાવનગર : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫માં લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, ગુજકેટ અને સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ જાહેર થનાર છે. ભાવનગર જિલ્લામાંથી વિજ્ઞાન પ્રવાહના ૬,૩૬૬, ગુજકેટના ૭,૪૭૩ તથા સામાન્ય પ્રવાહના ૧૭,૪૫૪ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં રેગ્યુલર ગ્રુપ એમાં ૧૭૦૭, રેગ્યુલર ગ્રુપ બીમાં ૪૨૭૧, રીપીટર ગ્રુપ એમાં ૭૬, રીપીટર ગ્રુપ બીમાં ૩૦૭, આઈસોલેટેડ ૫, ડિસએબલ્ડ ૧૦, બોય સ્ટુડન્ટ ૩,૭૪૨ અને ગર્લ સ્ટુડન્ટ ૨,૬૨૪ સહિત કુલ ૬,૩૬૬ છાત્રનો સમાવેશ થાય છે. એ જ રીતે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ૭,૪૭૩ વિદ્યાર્થીએ ગુજકેટની પરીક્ષા આપી હતી. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનમાં ૧૪,૯૯૩ રેગ્યુલર, ૧૨૫૪ પ્રાઈવેટ, ૬૧૫ રીપીટર, ૪૪૦ પ્રાઈવેટ રીપીટર, ૧૫૨ આઈસોલેટેડ, ૧૦૫ ડિસએબલ્ડ, ૮,૯૬૧ બોય સ્ટુડન્ટ અને ૮,૪૯૩ ગર્લ સ્ટુડન્ટ સહિત કુલ ૧૭,૪૫૪ છાત્રનો સમાવેશ થાય છે. હવે બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, ગુજકેટ-૨૦૨૫ અને સંસ્કૃત મધ્યમાની પરીક્ષાનું પરિણામ આવતીકાલ તા.૫મીના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જાહેર થશે. વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ બોર્ડની વેબસાઈટ http://gseb.org પર પોતાનો બેઠક ક્રમાંક (સીટ નંબર) દાખલ કરી મેળવી શકશે તથા વોટ્સએપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પર પણ પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે.

બોટાદ : ધો-12 સાયન્સના 869, સામાન્ય પ્રવાહના 5,330 વિદ્યાર્થીનું આજે પરિણામ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા રેગ્યુલર ગ્રુપ એમાં ૩૦૧, રેગ્યુલર ગ્રુપ બીમાં ૫૨૫, રીપીટર ગ્રુપ એમાં ૮, રીપીટર ગ્રુપ બીમાં ૩૩, આઈસોલેટેડ ૨, બોય સ્ટુડન્ટ ૬૨૬, ગર્લ સ્ટુડન્ટ ૨૪૩ સહિત કુલ ૮૬૯ છાત્રએ આપી હતી. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૪,૫૧૯ રેગ્યુલર, ૪૭૬ પ્રાઈવેટ, ૧૪૩ રીપીટર, ૧૫૮ પ્રાઈવેટ રીપીટર, ૩૪ આઈસોલેટેડ , ૧૭ ડિસએબલ્ડ, ૨,૯૭૦ બોય સ્ટુડન્ટ અને ૨૩૬૦ ગર્લ સ્ટુડન્ટ સહિત કુલ ૫,૩૩૦ વિદ્યાર્થીએ આપી હતી. જેનું આવતીકાલ તા.૫ના રોજ પરિણામ આવશે. - ભાવનગર જિલ્લાના 7,473 છાત્રોએ આપી હતી ગુજકેટની પરીક્ષા

## જામનગર શહેરમાંથી વધુ એક ક્રિકેટનો સટ્ટાખોર એલસીબીના હાથે ઝડપાયો : મુખ્ય બુકીનું નામ ખૂલ્યું



જામનગર શહેરમાં આઈપીએલની ક્રિકેટ મેચ પર સટો રમનારાઓને પોલીસ શોધી રહી છે, અને તેઓ સામે જુગારધારા ભંગ અંગેના કેસ કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે એલસીબીની ટુકડીએ ગઈકાલે ગુલાબ નગર વિસ્તારમાંથી સિકંદર ઉર્ફે ડાડો ઈસાકભાઈ હાલાણી નામના શખ્સને પોતાના મોબાઈલ ફોનની આઈડી મારફતે આઈ.પી.એલ.ની ક્રિકેટ મેચ પર જુગાર રમતા પકડી પાડ્યો છે. જેની પાસેથી રોકડ અને મોબાઈલ ફોન સહિતનો સામાન કબજે કરી લેવાયો છે, અને તેની સામે જુગાર ધારા અંગેનો ગુનો નોંધાવાયો છે. ઉપરાંત તેની પૂછપરછમાં તેણે જામનગરમાં શરૂ સેક્શન રોડ પર રહેતા દિવ્યરાજસિંહ ચૌહાણ પાસે ક્રિકેટના સોદાની કપાત કરતો હોવાનું કબૂલ્યુ હોવાથી તેને ફરાર જાહેર કરી શોધ ખોળ હાથ ધરી છે.

## મોડી રાત્રે આજવા રોડ પર યુવકને સમાધાન માટે બોલાવી ચાકુના ઉપર છાપરી ઘા ઝીંકી દીધા




વડોદરામાં આજવા રોડ પર દત્ત નગરમાં રહેતો જયસુરભાઈ સોનુ જીગ્નેશભાઈ ઠાકોર રિક્ષા ચલાવે છે. બાપોદ પોલીસ સ્ટેશનમાં તેને ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગઈકાલે રાત્રે 11:30 વાગે હું મારું મોપેડ લઈને કમલાનગર તળાવ ગયો હતો. મારી માનીતી બહેન જાનવીએ મને બૂમ પાડતા હું એચડીએફસી બેન્ક સામે તળાવના કિનારે ગયો હતો. ત્યાં જઈને જોયું તો જાનવી પાસે કમલ પટેલ ઉભો હતો. જાનવીએ મને કહ્યું કે આ કમલ મારું ગળું પકડી લઈ મને હેરાન કરતા કહે છે કે તું મારી સાથે મોબાઈલ પર વાત કર અને મને હેરાન કરે છે. જેથી મેં કમલને કહ્યું કે તું મારી બહેનને હેરાન ન કરે અને અહીંયાથી જતો રહે.. કમલએ મને કહ્યું કે તું મને ઓળખે છે અને ત્યારબાદ તે જતો રહ્યો હતો.

ત્યારબાદ રાત્રે 12:30 વાગે કમલે મને ફોન કરીને સમાધાન માટે બોલાવતા હું ગયો હતો. ત્યાં કમલ તથા અવિનાશ હતા જેઓએ મારા પર હુમલો કર્યો હતો. અવિનાશે ચપ્પુ વડે મારા પર હુમલો કરી માથામાં ઈજાઓ કરી હતી તેમજ કમલે લોખંડના ટુકડાથી મને માથામાં મારી ઈજા પહોંચાડી હતી. બંનેએ મને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તે વખતે મારા મામા આવી જતા તેઓ ત્યાંથી ભાગી ગયા હતા.

## ધ્રોલના મુસ્લિમ મહિલાએ પતિને તલાક આપી દેતાં ઉસ્કેરાયેલા પતિએ હાથ પગ ભાંગી નાખ્યા



જામનગર જિલ્લાના ધ્રોલમાં રહેતી આમના બેન અનવરભાઈ નોબે નામની 41 વર્ષની મુસ્લિમ યુવતીએ પોતાના ઉપર લાકડાના ધોકા વડે હુમલો કરી હાથ પગ ભાંગી નાખવા અંગે તેમજ માથામાં લોહી લુહાણ કરી નાખવા અંગે પોતાના પૂર્વ પતિ અનવર નુરમામદ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર આમનાબેનને તેના પતિ સાથે વાંધો પડતાં તલાક આપ્યા હતા, જેનો ખાર રાખીને આરોપી ધોકા સાથે તેણીના ઘેર પહોંચી ગયો હતો, અને હુમલો કરી દીધો હતો. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે.

## મોરબીના અણીયારી ટોલનાકા નજીક પેપર મિલમાં વિકરાળ આગ ભભૂકી

**અકળ કારણોસર લાગેલી આગ થોડી જ મિનિટોમાં વિકરાળ બની અને ૨૦,૦૦૦ ટન જેટલો વેસ્ટ પેપરનો જથ્થો ઝપટમાં આવી જતાં અફરા-તફરી મેજર કોલ જાહેર કરીને ચાર શહેરોનાં ફાયર બ્રિગેડની મદદ લેવાઈ**



મોરબીના અણીયારી ટોલનાકા નજીક આવેલી પેપરમિલમાં આજે રવિવારે બપોરે અચાનક આગ ભભૂકી હતી અને થોડી જ મિનિટોમાં વિકરાળ રૂપ ધારણ કરી લેતાં ૨૦,૦૦૦ ટન જેટલો વેસ્ટ પેપરનો જથ્થો આગની ઝપટમાં આવી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પરિણામે મેજર કોલ જાહેર કરીને મોરબી ઉપરાંત હળવદ, ધ્રાંગધ્રા અને રાજકોટથી પણ ફાયર બ્રિગેડની ટીમો બોલાવી લેવાઈ હતી. જો કે, મોડી સાંજ સુધી આગ પર કાબુ મેળવી શકાયો નહોતો. સદનશીબે કોઈ જાનહાની થઈ નહોતી.

વિગત પ્રમાણે, મોરબીના અણીયારી ટોલનાકા પાસે આવેલી લેમીટ પેપરમિલ નામની ફેક્ટરીમાં આજે બપોરે ૩ વાગ્યાના અરસામાં કોઈ કારણસર વેસ્ટ પેપરના જથ્થામાં આગ લાગી હતી અને જોતજોતામાં વિકરાળ બની ગઈ હતી.

જેથી પેપરમિલના કર્મચારીઓ દ્વારા હાથવગાં સાધનોથી આગ બુઝાવવા પ્રયાસ કરવા સાથે મોરબી ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર ફાઈટર સાથે ટીમ દોડી આવી હતી. પરંતુ આગ ખુબ વિકરાળ બની ગઈ હોવાથી મેજર કોલ જાહેર કરવામાં આવ્યો હતો.

પરિણામે રાજકોટ, હળવદ અને ધ્રાંગધ્રા ફાયર બ્રિગેડની પણ મદદ માંગવામાં આવી હતી. જેના પગલે સાંજે છ વાગ્યે ચારેય શહેરોની ફાયર બ્રિગેડની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને પેપરમીલના ગોડાઉનમાં પડેલા વેસ્ટ પેપરના જથ્થામાં ભભૂકેલી બેકાબુ આગને બુઝાવવા માટે કવાયત ચાલુ કરી હતી. જો કે, મોડી સાંજ સુધી ફાયર ફાઈટરોની દોડધામ ચાલુ જ રહી હતી. સદનશીબે આગને કારણે કોઈ જાનહાની થઈ નહોતી. પરંતુ આગની ઝપટમાં ૨૦,૦૦૦ ટન જેટલો વેસ્ટ પેપરનો જથ્થો આવીને ભસ્મીભૂત થઈ ગયો હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો. વળી, આગ પર કાબુ મેળવતા કલાકો નીકળી જશે તેવી માહિતી ફાયર ટીમ પાસેથી પ્રાપ્ત થઈ હતી.

## 'દવા' ના નામે 'દારૂ': પરમિટ લેવા સિવિલમાં 3 વર્ષમાં 9000થી વધુ લોકોએ અરજી કરી



એક જાણીતી ગઝલના શબ્દો છે કે 'થોડી થોડી પિયા કરો... અલબા, ગુજરાતમાં દારૂબંધી છતાં 'થોડી થોડી... તો નહીં પણ પરમિટ લઈને દારૂ પીનારાની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. અસારવા સિવિલમાં આ વર્ષે પ્રથમ ચાર મહિનામાં જ નવી પરમિટ માટે 221 જેટલી અરજી આવી છે. નવી પરમિટની અરજીથી 3.51 કરોડ રૂપિયાની આવક અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં વર્ષ 2023થી એપ્રિલ 2025 સુધી દારૂની પરમિટ માટે નવી 1759 અને રિન્યૂ માટે 7255 અરજી આવેલી છે. પ્રત્યેક નવી અરજી માટે 20 હજાર રૂપિયા જેટલો ચાર્જ લેવામાં આવે છે. આમ, નવી પરમિટની અરજીથી સિવિલમાં રોગી કલ્યાણ સમિતિને અંદાજે 3.51 કરોડ રૂપિયાની આવક થયેલી છે. સિવિલ હોસ્પિટલમાંથી આ અરજી નશાબંધી કચેરીમાં મોકલવામાં આવે છે, જ્યાંથી અરજી રીજેક્ટ થવાનું પ્રમાણ 10 ટકાની આસપાસ હોય છે. આ પણ વાચોઃ ગત વર્ષ કરતાં 50% ઓછો પાક અને નફાને કારણે ખેડૂતોએ કેસર કેરીના 20000 આંબા ઊખાડી નાખ્યા ડોક્ટરોના મતે તણાવભર્યું જીવન, હાયપર ટેન્શન, અનિદ્રા જેવી સમસ્યા હોય તો તેવા સંજોગોમાં હેલ્થ પરમિટ આપવામાં આવે છે. પરંતુ હેલ્થ પરમિટ આપતાં અગાઉ તેને ખરેખર હેલ્થ પરમિટની જરૂર છે કે કેમ,અરજીકર્તાની ઉંમર, આવકનો દાખલો જેવી બાબતો ખૂબ જ બારીકાઈથી ચકાસવામાં આવે છે. આ બધી બાબતો ચકાસ્યા બાદ જ હેલ્થ પરમિટ આપવી કે કેમ તે નક્કી થાય છે. કોઈની પણ અરજીમાં અમને શંકા જાય તો તેને રીજેક્ટ કરવામાં આવે છે.

# જામનગરમાં હથિયાર લાયસન્સના નિયમનો ભંગ કરનાર નિવૃત પોલીસ કર્મચારીનો પુત્ર 1 લાખની રિવોલ્વર સાથે ઝડપાયો

જામનગર શહેરના પટેલ કોલોનીમાં જાહેરમાં લાયસન્સવાળુ હથીયાર રીવોલ્વર કમરમાં જાહેરમાં દેખાય તે રીતે બાંધીને નિયમનો ભંગ કરીને સીનસપાટા કરતા નિવૃત્ત પોલીસ જમાદારના પુત્રને પોલીસે ઝડપી લીધો છે અને તેની પાસેથી રૂ.1 લાખની કિંમતની રીવોલ્વર કબ્જે કરી છે. શહેરના પટેલ કોલોની બજરંગ ઢોસા વાળી ગલીમાં શક્તિસિંહ જાડેજા (રે.રામેશ્વરનગર ભોળેશ્વર સોસાયટી-જામનગર) નામનો વ્યક્તિ કે જે નિવૃત્ત પોલીસકર્મીનો પુત્ર છે, જે પોતાની કમરમાં હથિયાર બાંધી સ્પષ્ટ દેખાય તે રીતે જાહેરમાં નિકળી સીનસપાટા મારી રહ્યો હતો. આ સમયે પેટ્રોલીંગમાં રહેલા સિટી બી. ડિવિઝનના પી.આઈ.



પી.પી.ઝા અને તેઓના સ્ટાફે તેને આંતરી લીધો હતો, અને સૌપ્રથમ તેમના સીન વિખેરી નાખ્યા હતા. જેના હથિયાર પરવાના બાબતે પુછતા તેણે હથિયારનું લાયસન્સ બતાવેલ હતું. અને આત્મરક્ષણ માટે હથીયાર મેળવેલું હોવાનું જણાવતાં પોલીસે હાલ કોનાથી ભય, બીક કે ખતરો છે. તે બાબતે પુછતાં તેણે કોઈ સંતોષ કારક જવાબ આપેલો ન હતો. ઉપરોક્ત શખસ પોતાનું લાયસન્સવાળુ હથીયાર રીવોલ્વર પોતાની ધાક જમાવવા માટે સીનસપાટો કરી હથિયાર લાયસન્સનો ભંગ કરતો હોવાથી પીઆઈ પી.પી.ઝા અને તેમની ટીમે શક્તિસિંહ જાડેજા સામે આમર્સ એક્ટ કલમ રૂલ્સ 32(2)નો ભંગ અંગેનો ગુનો નોંધીને તેને નોટિસ પાઠવી છે ઉપરાંત અદાલત કાર્યવાહીનો પ્રારંભ કરી દીધો છે જ્યારે તેની પાસેથી 32 બોરની રૂ.1 લાખની કિંમતની રિવોલ્વર કબજે કરી છે. અને જામનગરના જિલ્લા કલેક્ટર કચેરી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સહિતના વિભાગમાં અરજી કરીને આગળની તપાસ ચલાવાઇ રહી છે.

# Cmનું બુલડોઝર ભાજપના નેતાઓની ગેરકાયદે મિલકત પર નથી ચાલતું, મહિલાઓનો આક્રોશ

અમદાવાદના આનંદનગરમાં આવેલા નીરાલી ફ્લેટના રિ-ડેવેલોપમેન્ટની પ્રક્રિયામાં અડચણ ઉભી કરનાર કોર્પોરેટર સુરેન્દ્ર ખાચર વિરૂદ્ધ સોસાયટીના સ્થાનિક રહીશોએ ગંભીર આરોપ મુક્યો છે કે તેમના ભાઇ પ્રદીપે નવ વર્ષ પહેલા ગેરકાયદે દુકાનો બનાવી હતી. જે સીલ થઈ હોવા છતાંય, સુરેન્દ્ર ખાતે અગાઉના ધારાસભ્ય કિશોર ચૌહાણની મદદ લઇને તમામ શીલ ખોલાવી નાખ્યા હતા. ત્યારબાદ દાદાગીરી કરીને દુકાનોનું ભાડુ વસુલવામાં આવતુ હતું. નીરાલી ફ્લેટની કમિટીના એક સભ્યએ જણાવ્યું કે અમારા એપાર્ટમેન્ટમાં કોમર્શિયલ બાંધકામને મંજૂરી નથી. પરંતુ, કોર્પોરેટર સુરેન્દ્ર ખાચરના ભાઇ પ્રદીપે વર્ષ ૨૦૧૬મા




એપાર્ટમેન્ટના માર્જીનની જગ્યા પર ત્રણ ગેરકાયદે દુકાનો બનાવીને ભાડે આપી દીધી હતી. જે અંગે સ્થાનિક લોકોએ વિરોધ કરતા ધમકી પણ અપાઇ હતી. ત્યારબાદ વર્ષ 2017માં કમિટીએ સત્તાવાર ઠરાવ કર્યો હતો કે દુકાનો ગેરકાયદે છે. અને તેના આધારે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અરજી કરવામાં આવતા દુકાનો સીલ કરવામાં આવી હતી. પરંતુ, તે સમયે સુરેન્દ્ર ખાચરે રાજકીય સત્તાનો ખોટો ઉપયોગ કરીને તે સમયના ધારાસભ્ય કિશોર ચૌહાણની મદદથી કોર્પોરેશન પર રાજકીય દબાણ ઉભુ કરીને સીલ ખોલાવી નાખ્યા હતા. એટલુ જ નહી ખોટો રિપોર્ટ તૈયાર કર્યો હતો કે પ્રદીપે તેના ત્રણ રૂમના મકાનમાં ત્રણ દુકાનો બનાવી છે. ત્યારબાદ સ્થાનિક લોકોને સતત ધમકી આપીને વિરોધ કરતા બંધ કરાવાયા હતા. દાદાનું બુલડોઝરના ભાજપના નેતાઓની ગેરકાયદે મિલકત પર નથી ચાલતુ : સ્થાનિક મહિલાઓ નીરાલી ફ્લેટમાં રહેતી મહિલાઓ રવિવારે સવારે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે પહોચી હતી. જ્યાં તેમણે ફરિયાદ કરવાની રજૂઆત સાથે આક્રોશ વ્યક્ત કર્યો હતો કે ભાજપના કોર્પોરેટર સુરેન્દ્ર ખાચરના ભાઇની ત્રણેય દુકાનો ગેરકાયદે છે. તેમ છતાંય, કોર્પોરેશન દાદાનું બુલડોઝર ચલાવીને કાર્યવાહી કરી તેમ બનતુ નથી. સાથેસાથે સ્થાનિક લોકો પણ ભયમાં રહે છે. એટલુ જ મહિલાઓએ સ્થાનિક ધારાસભ્ય અમિત ઠાકરને ફોન કરીને આક્રોશ વ્યક્ત કરવાની સાથે ઉધડો લીધો હતો કે જે લોકોને સત્તા છે તે દુરઉપયોગ કરે છે. તેમ છતાંય, સરકારી તંત્ર ચુપ છે. એટલુ જ નહી ધારાસભ્યને ચીમકી આપી હતી કે જો તે સુરેન્દ્ર ખાચર જેવા કોર્પોરેટરની તરફેણ કરશે તો ભાજપને મત ગુમાવવાનો વારો આવશે. નિરાલી ફ્લેટમાં રહેતા ભાજપના સરખેજ વોર્ડના કોર્પોરેટર સુરેન્દ્ર ખાચરના ભાઇ પ્રદીપે બનાવેલી ગેરકાયદે દુકાનો માટે બિલ્ડર સત્તાવાર રીતે કરાર મુજબ નાણાં આપી શકે તેમ ન હોવાથી સુરેન્દ્ર ખાચર અને તેની સાથે મળેલા કેટલાંક સભ્યોએ રિ-ડેવેલોપમેન્ટની શરતો અંગે વિરોધ કર્યો હતો. જો કે સ્થાનિક લોકોએ આરોપ મુક્યો છે કે સુરેન્દ્ર ખાચરે તેના ભાઇની ત્રણ દુકાનો માટે એક સ્કેવર ફીટ મુજબ એક લાખની માંગણી કરી હતી.

# ગત વર્ષ કરતાં 50% ઓછો પાક અને નફાને કારણે ખેડૂતોએ કેસર કેરીના 20000 આંબા ઊખાડી નાખ્યા

ગીર વિસ્તારના કેરીનો પાક લેતા ખેડૂતોએ આ વર્ષે વીસ હજાર જેટલાં આંબાને જડમૂળમાંથી કાઢીને અન્ય વિકલ્પ તરફ પોતાનો નિર્વાહ ચલાવવાનું પસંદ કર્યું. 26મી એપ્રિલથી તાલાલા ગીરના માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની આવક ચાલુ થઈ હતી.

આજે 8100 બોક્સની આવક આવી હતી અને ખેડૂતોને 10 કિલોના બોક્સનો તળીયાના રૂ.550થી લઈને ટોચનો રૂ.1100નો ભાવ મળ્યો હતો. ગ્લોબલ વૉર્મિંગની અસરના કારણે કેસર કેરીના પાકમાં



ઘટાડો તાલાલા માર્કેટિંગ યાર્ડના સભ્યએ જણાવ્યું હતું કે ગઈ સાલ પણ પાક ઓછો જ થયો હતો જેની અહીં વ્યાપક અસર થઈ છે. ગ્લોબલ વૉર્મિંગને કારણે દર વર્ષે આંબામાં ભરચક મોર આવ્યા બાદ કોઈને કોઈ કારણસર ફળનું બંધારણ થતું નથી. જેના કારણે તેની સીધી અસર કેસર કેરીની આવક પર થઈ રહી છે. 20,000 જેટલા કેસર કેરીના આંબાને ખેતરોમાંથી કાઢી નાંખવામાં આવ્યા ખેડૂતો પોતાના ખેતરમાં આંબાને ઊખાડી રહ્યા છે. અમારે ત્યાં આ એક સામાન્ય સમાચાર છે. વધુ માવજત અને ઓછી આવકને કારણે ખેડૂતોમાં નિરાશા વ્યાપી ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોમાં 20,000 જેટલા કેસર કેરીના આંબાને ખેતરોમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે. આ પણ વાંચો: આજે જાહેર થશે ધોરણ 12 અને ગુજકેટનું પરિણામ, વોટ્સએપ નંબર 6357300971 પર જાણી શકશો રિઝલ્ટ ગત વર્ષ કરતાં પચાસ ટકા ઓછા પાક અને નફો માવજત પાછળ થતો ખર્ચ અને યોગ્ય સમયે પાક ન મળતા ખેડૂતોને નફા કરતાં નુકસાન જવાનો ભય વિશેષ રહે છે. વધુ કેસરના આંબાની સાથે કેટલાક અન્ય પાક ઊગાડી ન શકાતા હોવાથી પણ ખેડૂતને અન્ય સિઝનમાં પણ યોગ્ય લાભ થતો નથી. આ વર્ષે કેસરનું ફળ પણ સારું છે.

મ્હોરમાંથી કેરી બનાવાની પ્રક્રિયામાં ગ્લોબલ વૉર્મિંગની સ્પષ્ટ અસર જોવા મળી રહી છે. આંબાના મોર એટલા સંવેદનશીલ હોય છે કે એકવાર જો વાતાવરણ બદલાય તો તેની સીધી અસર કેરીઓના પાક પર થાય છે.

# જામનગરમાં હિન્દૂ સેના દ્વારા પહેલગામની આતંકવાદી ઘટનાને લઇને આક્રોશ




તાજેતરમાં પહેલગામમાં આંતકવાદી દ્વારા હિન્દુ પર ફાયરિંગ કરી હત્યા કરવામાં આવી હતી જેમાં ધર્મ પુછી હિંદુ અને હિન્દુઓને અલગ કરી અને ખરાઈ કરી અને ત્યારબાદ હિન્દુઓ ઉપર ગોળીબાર કરીને હત્યા કરી હતી ખરેખર આ ઘટનાથી પૂરો દેશ હચમચી ગયો હતો, ત્યારે જામનગરમાં પણ હિન્દૂ સેના દ્વારા સાધના કોલોની જલારામ મંદિરના ચોકમાં પાકિસ્તાનનો ધ્વજ તેમજ પાકિસ્તાન મુર્દાબાદ ડ્રોઈંગ કરી તેમના પર ચાલી થુંકી અને પાકિસ્તાનને પોતાના જુતા નીચે છે તે દેખાડ્યું હતું. આંતકવાદીઓએ ગોળી મારી, પરંતુ તેમની ઓકાત પગના તળિયામાં છે એટલું જ નહીં કાશ્મીર જતા સર્વે હિન્દુઓને હિન્દુ સેનાની હાથ જોડીને વિનંતી કરી હતી, કે તમે પાંચ વર્ષ માટે કાશ્મીર જવાનું બંધ કરો, આપણા જ રૂપિયાથી આ લોકો હથિયાર ખરીદી ધર્મ પૂછી ગોળી મારે છે. તો પાંચ વર્ષ ભારત દેશની અંદર ફરવાના ઘણા બધા સ્થળો છે ત્યાં જવા માટેની હિન્દુ પરિવારોને હાકલ કરી છે. હિન્દુ સૈનિકોએ દુકાને દુકાને જઈ હિંદુઓને સમજાવી નાનામાં નાનીથી માંડી મોટી વસ્તુઓ ખરીદવા હિન્દુઓની દુકાનેથી ખરીદવી આ દુકાન હિન્દુની છે એવા સ્ટીકરો લગાવ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત અધ્યક્ષ પ્રતિક ભટ્ટ તેમજ વિભાગ અધ્યક્ષ અશોક સોલંકી હાજર રહ્યા હતા.

સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન હિન્દુ સેનાના સૌરાષ્ટ્ર મંત્રી મયુર ચંદન દ્વારા કરાયું હતું. જેમાં શહેરના સહમંત્રી સંજય ધનવાણી પ્રમુખ હર્ષ ભાનુશાળી, ઉપપ્રમુખ મેહુલ મહેતા, સતિષભાઈ છનિયારા, ચિરાગ ભટ્ટ, યશવંત ત્રિવેદી પૂર્ણકાલીન કિશન નંદા સહિતના અનેક સૈનિકોએ સૂત્રોચાર કરી આક્રોશ વ્યક્ત કર્યો હતો.

# અમદાવાદમાં આગામી પાંચ દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી, 30 કિમી પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાશે

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે ગુજરાતના વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. રવિવારે પડેલા કમોસમી વરસાદ બાદ આવતીકાલે મંગળવારે અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના જિલ્લામાં ભર ઉનાળે ગાજવીજ સાથે વરસાદ પડવાની હવામાન વિભાગે આગાહી કરી છે. આ ઉપરાંત અનેક સ્થળોએ 30 કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાય તેવી પણ સંભાવના છે. જ્યારે 7 અને 8મેના રોજ 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ ભારે પવન સાથે વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગની આગાહી મુજબ અમદાવાદના વાતાવરણમાં આવતીકાલે મંગળવારથી પાંચ દિવસ માટે પલટો આવી શકે છે અને 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાવવા ઉપરાંત ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે.



હવામાન નિષ્ણાતોને મતે મંગળવારે 63 ટકા, બુધવારે 70 ટકા, ગુરૂવારે 43 ટકા, શુક્રવાર-શનિવારે 40 ટકા જેટલી વરસાદની સંભાવના છે. રવિવારે અમદાવાદમાં 41.4 ડિગ્રી સરેરાશ મહામ તાપમાન નોંધાયું હતું. જોકે, બે દિવસ બાદ વરસાદની સંભાવનાને પગલે તાપમાન 40થી નીચે જઇ શકે છે. રાજ્યમાંથી અન્યત્ર અમરેલીમાં 40.9, રાજકોટમાં 41.8, વડોદરામાં 40.4, ભાવનગર-ડીસામાં 39.1, ભુજમાં 37.6, સુરતમાં 34.3 ડિગ્રી સરેરાશ મહામ તાપમાન નોંધાયું હતું. આગામી 5 દિવસ ક્યાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી? તારીખ 5 મે : બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર, તાપી, વલસાડ, નવસારી, અમરેલી, ભાવનગર, કચ્છ. 6 થી 9 મે : પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, અમદાવાદ, આણંદ, ખેડા, મહીસાગર, વડોદરા, નર્મદા ભરૂચ, સુરત, તાપી, વલસાડ, નવસારી, સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર, ગીર સોમનાથ, રાજકોટ, જામનગર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા, બોટાદ, દીવ. બનાસકાંઠામાં માવઠા થતાં ખેડૂતોના પાકને નુકસાન રાજ્યભરમાં અચાનક વાતાવરણ પલટાયું છે, ત્યારે રવિવારે (4 મે, 2025) અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા અને સુરેન્દ્રનગરમાં કમોસમી વરસાદ નોંધાયો હતો. ઉનાળાની ઋતુમાં માવઠું થતાં ખેતી અને બાગાયતી પાકને ભારે નુકસાન થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. જેમાં માવઠાના કારણે બનાસકાંઠાના એક ખેડૂતે 18 વીઘામાં વાવેલી ટેટીઓ બગડી જતાં લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું ખેડૂતનું કહેવું છે. જ્યારે ખેડૂતે સરકાર પાસે પાક નુકસાનીના વળતરની માગ કરી હતી. જ્યારે કમોસમી વરસાદના કારણે પાલનપુરમાં 500 જેટલાં આંબાઓ પરની કેરીઓ ખરી પડી હતી. પાલનપુરના ખેડૂતે આશરે 8 લાખ રૂપિયામાં આંબાવાડી ઈજારા પર રાખી હતી. જ્યારે હવે પવન અને માવઠું થવાથી આંબાઓ પરની કેરીઓ ખરી પડતાં ખેડૂતને લાખો રૂપિયાનું નુકસાન થયાની ભીતિ છે. ખેડૂતોના પાકને ભારે નુકસાન ગુજરાતમાં અનેક જગ્યાએ રવિવારે કમોસમી વરસાદ વરસતા અનેક ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું હતું. જેમાં અરવલ્લીના ભિલોડા યાર્ડમાં ખુલ્લામાં રાખેલો પાક પલળી જતાં ખેડૂતો-વેપારીઓને લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. જેમાં કમોસમી વરસાદની હવામાન વિભાગની આગાહી હોવા છતાં યાર્ડ તંત્ર દ્વારા ઘઉં, મકાઈ, સોયાબીન સહિતનો પાક ખુલ્લામાં રાખવાથી પાક પલળ્યો હતો. જ્યારે પાકને નુકસાન થતાં ખેડૂતો-વેપારીઓએ સરકાર પાસે વળતરની માગ કરી હતી.

# જામનગર નજીક કુતરૂં આડું ઉતરતાં ઈકો કારની ગુલાંટ : કારચાલકનું અંતરિયાળ મૃત્યુ

જામનગર નજીક અલિયાબાડા ગામ પાસે એક ઈકો કારની આડે કૂતરું ઉતરતાં અકસ્માતે ઈકો કાર પલટી મારી ગઈ હતી.જે અકસ્માતમાં કારના ચાલકનું ગંભીર ઈજા થવાના કારણે કરુણ મૃત્યુ નીપજ્યું છે. આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના અલિયાબાડા ગામમાં રહેતો અને ઈકો કાર ચલાવતો સંજય હરિભાઈ મકવાણા નામનો 35 વર્ષનો યુવાન ગઈકાલે રાત્રે પોતાની જી.જે.10 ઈ.સી. 8687 નંબરની ઈકો કાર લઈને પોતાના ઘેરથી અલિયા ગામના પાટીયા પાસે જવા માટે નીકળ્યો હતો. જે દરમિયાન રસ્તામાં એક કૂતરું આડું ઉતરતાં ઈકો કાર પલટી



મારી ગઈ હતી,

અને પોતે ગંભીર સ્વરૂપે ઈજાગ્રસ્ત બન્યો હતો. આ અકસ્માતના બનાવ બાદ કેટલાક લોકો એકત્ર થઈ ગયા હતા, અને 108 ની ટુકડીને જાણ કરી હતી, જેથી 108 ની ટીમ તુરત જ ઘટના સ્થળે દોડી આવી હતી, અને ઈજાગ્રસ્ત સંજય મકવાણાને ચેક કરતાં તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર થયું હતું. આ બનાવ અંગે ચંદુભાઈ બાવાભાઈ મકવાણાએ પોલીસને જાણ કરતાં પંચકોશી બી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ બી.એચ લાંબરીયા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# IIM અમદાવાદના વિદ્યાર્થીએ ChatGPTની મદદથી પ્રોજેક્ટ બનાવીને A+ ગ્રેડ મેળવ્યો, AI મુદ્દે ગંભીર ચર્ચા છેડાઇ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પગપેસારો આજે દુનિયાના લગભગ પ્રત્યેક ક્ષેત્રે થઈ ગયો છે અને શિક્ષણ પણ તેમાંથી બાકાત નથી. સમાચાર આવ્યા છે કે IIMના એક વિદ્યાર્થીએ તેના અભ્યાસ પ્રોજેક્ટમાં AIનો ઉપયોગ કરીને A+ ગ્રેડ મેળવ્યો છે. વિદ્યાર્થીએ પોતે આ માહિતી જાહેર કરતાં સોશિયલ મીડિયાથી લઈને બધે AI દ્વારા પ્રભાવિત થઈ રહેલા ‘સાચા શિક્ષણ’ની ચર્ચા શરૂ થઈ ગઈ છે. લોકો પૂછી રહ્યા છે કે, શું AI પરંપરાગત શિક્ષણ પદ્ધતિને ખતમ કરી દેશે? કોણ અને ક્યાંનો છે એ વિદ્યાર્થી?આ વિદ્યાર્થીનું નામ છે યુગાંતર ગુપ્તા અને તે ‘ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ-અમદાવાદ’ (IIMA) માં અભ્યાસ કરે છે. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ લિંક્ડઈન (LinkedIn) પર જાહેર કર્યું હતું છે કે કેવી રીતે તેણે ચેટજીપીટીની મદદથી તેનો પ્રોજેક્ટ બનાવીને A+ ગ્રેડ મેળવ્યો હતો. યુગાંતર ગુપ્તાનું કહેવું છે કે સંસ્થામાં સાહિત્યચોરી પર પ્રતિબંધ છે, પરંતુ એઆઈના ઉપયોગ પર કોઈ પ્રતિબંધ નથી, તેથી તેણે ચેટજીપીટીની મદદ લીધી હતી. એઆઈના કામને A+ ગ્રેડ અપાયોયુગાંતરને ત્યારે આશ્ચર્ય થયું જ્યારે એઆઈની મદદથી તૈયાર કરાયેલા તેના પ્રોજેક્ટને A+ ગ્રેડ અપાયો હતો. A+ એ એક દુર્લભ ગ્રેડ છે, જે સામાન્ય રીતે ટોચના 5% વિદ્યાર્થી માટે અનામત રખાય છે. યુગાંતર અભ્યાસમાં 5% અતિ તેજસ્વી વિદ્યાર્થીઓમાં પણ નહીં હોવાથી, તેને પોતાને મળેલો ગ્રેડ જોઈને નવાઈ લાગી હતી. એક લાંબી પોસ્ટમાં યુગાંતરે લખ્યું હતું કે, ભલે ગ્રેડ અર્થહીન હોય, પણ IIMમાં કોઈપણ રિપોર્ટ પર A+ ગ્રેડ મેળવવો ખૂબ જ મુશ્કેલ હોય છે, તેથી A+ હંમેશાં મેડલ મળ્યા જેવી ખુશી આપે છે.શું હતો પ્રોજેક્ટ?યુગાંતરનો પ્રોજેક્ટ કોસ્મેટિક્સ પરના માર્કેટિંગ બાબતે હતો. એવું પણ નથી કે યુગાંતરે સાવ જ કોઈ મહેનત નહોતી કરી. પ્રોજેક્ટ માટે યુગાંતરે આઠ સ્ટોર્સની મુલાકાત લીધી હતી અને ત્યાં હાજર



ગ્રાહકોનું નિરીક્ષણ કર્યું હતું. ગ્રાહકોના વર્તન અને તેમના દ્વારા પૂછાયેલા પ્રશ્નોની તેણે વૉઈસ નોટ્સ બનાવી લીધી હતી. પછી તેણે એ નોટ્સ ચેટજીપીટીને સોંપી દીધી હતી. એ નોટ્સના આધારે ચેટજીપીટીએ પ્રોજેક્ટ બનાવી આપ્યો હતો, જે એટલો બધો સરસ હતો કે એને A+ ગ્રેડ મળી ગયો હતો. શું AI ‘સાચા શિક્ષણ’ને ખતમ કરી દેશે?યુગાંતરની પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગઈ છે અને તેને લીધે શિક્ષણમાં એઆઈની ભૂમિકા વિશે ચર્ચા શરૂ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી મહેનત, નૈતિક મૂલ્યો તથા પારંપરિક શિક્ષણ પદ્ધતિના મૂલ્યો વિશે પ્રશ્નો ઊભા થવા લાગ્યા છે. લોકો પૂછી રહ્યા છે કે, શું યુગાંતરે કર્યું એ વાજબી છે? સોશિયલ મીડિયા પર કેટલાક યુઝર્સ યુગાંતર ગુપ્તાની ટીકા કરી રહ્યા છે, તો કેટલાક તેની પ્રામાણિકતાની પ્રશંસા કરી રહ્યા છે અને એમ કહી રહ્યા છે કે ભલે એણે એઆઈ પાસે પ્રોજેક્ટ લખાવડાવ્યો, પણ પ્રોજેક્ટ માટેનું સંશોધન તો એણે પોતે જ કર્યું હતું ને! તો એક યુઝરે લખ્યું હતું કે, ‘એઆઈને લીધે કામમાં ઝડપ આવે છે એ સાચું, પરંતુ તે માનવ-જિજ્ઞાસા અને માનવ-પહોંચ સાથે સ્પર્ધા કરી શકતું નથી.’ બીજા એક યુઝરે લખ્યું, ‘એઆઈને અભિશાપ તરીકે ન જોવું જોઈએ, તે આપણા કામને વધુ ઉત્તમ બનાવે એ પ્રકારે એનો વપરાશ કરવામાં કશું ખોટું નથી.’ કોઈકે યુગાંતરના પ્રોજેક્ટને A+ ગ્રેડ આપનાર પ્રોફેસરની ટીકા કરી તો કોઈકે એ પ્રોફેસરના બચાવમાં એવું લખ્યું કે, ‘આમાં પ્રોફેસરનો શું વાંક? તેઓ એઆઈને કેવી રીતે રોકી શકે?’નિષ્ણાતોનું શું કહેવું છે?આ મુદ્દે નિષ્ણાતોનું એવું કહેવું છે કે, વિદ્યાર્થીઓએ આધુનિક જમાનાના ટૂલ્સને ભરોસે રહેવાને બદલે જાતે મહેનત કરીને અભ્યાસ કરવો જોઈએ અને એનો આનંદ લેવો જોઈએ. આ રીતે મેળવેલું ફળ જ તમારામાં આત્મવિશ્વાસનું સિંચન કરશે અને એ આત્મવિશ્વાસ આજીવન કામ લાગશે. શૈક્ષણિક સંસ્થાઓમાં AIની છૂટ હોવી જોઈએ?યુગાંતરે જે કર્યું એ એટલા માટે કર્યું, કેમ કે IIMA માં એઆઈના ઉપયોગ પર પ્રતિબંધ નથી. આ બાબતે લોકો એવો મુદ્દો ઉઠાવી રહ્યા છે કે શૈક્ષણિક સંસ્થાઓએ એઆઈના ઉપયોગ પર લગાવવી જ જોઈએ જેથી જાતે મહેનત કરતાં વિદ્યાર્થીઓને અન્યાય ન થાય, શિક્ષણની પરંપરાગત પદ્ધતિને આંચ ન આવે અને નૈતિક મૂલ્યો પણ જળવાય. પૂરી મહેનત કર્યા વગર એઆઈના ઉપયોગથી જ પાસ થઈ જનારા વિદ્યાર્થીઓ નોકરીમાં નબળું પ્રદર્શન કરીને તેમનું અને તેમને નોકરી આપનારી સંસ્થા, એમ બંનેને નુકસાન કરશે.

# 'ઈન્ડિયન આઇડલ 12'ના વિનર પવનદીપ રાજનનો ગંભીર અકસ્માત:અમદાવાદ આવતા સમયે કારની ડમ્પર સાથે ટક્કર, હોસ્પિટલમાં દાખલ; હાલત નાજુક

'ઈન્ડિયન આઈડલ 12'નો વિનર પવનદીપ રાજનનો વહેલી સવારે અકસ્માત થયો હતો. ગાયકને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અકસ્માત મુરાદાબાદમાં થયો હતો.પવનદીપ રાજનની ટીમે જણાવ્યું હતું કે સિંગરનો અકસ્માત સોમવારે સવારે 3:40 વાગ્યે મુરાદાબાદ નજીક થયો હતો. થોડા સમય પહેલાં ગાયક પોતાના વતન ચંપાવત ગયા હતા. પવનદીપ રાજનને અમદાવાદમાં એક શો કરવાનો હતો, જેના માટે તે ઘરેથી દિલ્હી એરપોર્ટ જવા નીકળ્યો. તેમને દિલ્હી એરપોર્ટથી અમદાવાદ જવા માટે ફ્લાઈટ પકડવાની હતી, જોકે રસ્તામાં તેમનો અકસ્માત થયો. ગંભીર હાલતમાં તેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.પવનદીપ રાજન હોસ્પિટલમાં દાખલ.પવનદીપ રાજન હોસ્પિટલમાં દાખલ.પવનદીપ રાજનને પ્રાથમિક સારવાર આપ્યા બાદ નોઈડાની હોસ્પિટલમાં શિફ્ટ કરાયા છે.પવનદીપ રાજનને પ્રાથમિક સારવાર આપ્યા બાદ નોઈડાની હોસ્પિટલમાં શિફ્ટ કરાયા છે.કેવી રીતે થયો અકસ્માત? પવનદીપ રાજનની MG-HECTOR કાર ડ્રાઈવર રાહુલ સિંહ ચલાવી રહ્યો હતો. રાત્રે લગભગ 2.30 વાગ્યે ગજરૌલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોપાલા ક્રોસિંગ ઓવરબ્રિજ પરથી તેમની કાર નીચે ઉતરતાની સાથે જ તે હાઈવેની બાજુમાં પાર્ક કરેલા ડમ્પરમાં પાછળથી અથડાઈ ગઈ. રાહુલ ઝોકું આવી ગયું તેના કારણે આ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં સિંગર પવનદીપ, તેનો મિત્ર અજય મહેરા અને ડ્રાઈવર રાહુલ ગંભીર રીતે ઘાયલ થયા હતા.ગજરૌલાના ઈન્સ્પેક્ટર અખિલેશ પ્રધાને જણાવ્યું કે- માહિતી મળતા જ પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ત્રણેય ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને પોતાના કબજામાં લીધા છે. કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોનું ટોળું એકઠું થયું હતું. માહિતી મળતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘાયલોને કારમાંથી બહાર કાઢીને સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાંથી ડોક્ટરે ત્રણેયને મુરાદાબાદ રેફર કર્યા. ત્રણેયની ગંભીર હાલત જોઈને પોલીસે તેમને ડિડૌલીમાં હાઈવે પર સ્થિત એક ખાનગી હોસ્પિટલના ICUમાં દાખલ કર્યા. હાલમાં ત્રણેય નોઈડાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.આ તસવીર અકસ્માતમાં ઘાયલ થયેલા ડ્રાઈવર રાહુલની છે.આ તસવીર અકસ્માતમાં ઘાયલ થયેલા ડ્રાઈવર રાહુલની છે.અકસ્માત સમયની તસવીર.અકસ્માત સમયની તસવીર.પવનદીપ રાજનની કારની ડમ્પર સાથે ટક્કર.પવનદીપ રાજનની કારની ડમ્પર સાથે ટક્કર.પવનદીપ રાજનના મેનેજરે જણાવ્યું છે કે પવનદીપની સારવાર ચાલી રહી છે, તેમને ટૂંક સમયમાં મોટી હોસ્પિટલમાં ખસેડવામાં આવશે. પવનદીપને ઘણી ઈજાઓ થઈ છે. હોસ્પિટલમાંથી પવનદીપના ઘણા ફોટા અને વીડિયો સામે આવ્યા છે, જેમાં તેઓ ખૂબ જ ઘાયલ હાલતમાં બેભાન જોવા મળે છે. તેમના ડાબા હાથ અને પગમાં ઈજાઓ થઈ છે. હાલમાં આ અકસ્માત કેવી રીતે થયો એની માહિતી બહાર આવી નથી.ચાહકો ગાયક માટે ચિંતિત હતા આ સમાચાર પછી ફેન્સ તેમના સ્વાસ્થ્ય વિશે ચિંતિત થઈ ગયા છે અને તેમની સલામતી માટે પ્રાર્થના કરી રહ્યા છે.પવનદીપના ફેન્સ ચિંતિત.પવનદીપના ફેન્સ ચિંતિત.શો 'ધ વોઈસ ઈન્ડિયા'નો વિનર પવનદીપ સિંહ 28 વર્ષના છે. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત સિંગિંગ રિયાલિટી શો 'ઈન્ડિયન આઈડલ 12'થી કરી હતી.



# સમય રૈના અને વિપુલ ગોયલ સહિત પાંચ ઈન્ફ્લુએન્સરને સુપ્રીમની નોટિસ, દિવ્યાંગની મજાક ઉડાવવી ભારે પડી



સમય રૈનાનું નામ 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' શોથી વિવાદોમાં ઘેરાયેલું છે. એવામાં કોમેડિયન વધુ એક મુશ્કેલીમાં ફસાઈ ગયો છે. સમય રૈના દ્વારા બે મહિનાના વિકલાંગ બાળક પર અસંવેદનશીલ મજાક કરવામાં આવી હતી. આ મામલે મેસર્સ ક્યોર એસએમએ ફાઉન્ડેશને સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. જેના પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટે કડક વલણ દાખવતાં આ પ્રકારની અપમાનજનક ટિપ્પણી પર સખત નારાજગી વ્યક્ત કરી છે. એટલું જ નહીં કોર્ટે સમય રૈના અને વિપુલ ગોયલ સહિત અન્ય પાંચ ઈન્ફ્લુએન્સરને નોટિસ ફટકારી છે.સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે- આવા લોકોની મજાક ઊડાવનારા ઈન્ફ્લુએન્સર હાનિકારક છે. કોર્ટે કહ્યું છે કે આવા લોકો સામે દંડાત્મક કાર્યવાહી થવી જોઈએ જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને. સુનાવણી દરમિયાન, બેન્ચે NGO વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અપરાજિતા સિંહને કહ્યું કે- આ ખૂબ જ નુકસાનકારક અને નિરાશાજનક બાબત છે. તમારે કાયદાના દાયરામાં રહીને કેટલાક સુધારાત્મક અને શિક્ષાત્મક કાર્યવાહી વિશે વિચારવું જોઈએ.


# અશ્લીલ શોના વિવાદ વચ્ચે મુંબઈની યુવતીએ કર્યો કેસ, કહ્યું- મારો વિશ્વાસ જીતી મારું શોષણ કર્યું હતું



તાજેતરમાં એજાઝ ખાનના નવા શો 'હાઉસ અરેસ્ટ'ને લઈ વિવાદ ઊભો થયો છે. ઉલ્લુ એપ પર પ્રસારિત થતા આ શો પર અશ્લીલતા ફેલાવવાનો આરોપ લાગ્યો હતો અને બજરંગ દળે તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. હજુ એક વિવાદ સમેટાયો નથી ત્યાં એજાઝ ખાન પર મુંબઈના ચારકોપ પોલીસ સ્ટેશનમાં એક મહિલાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. મહિલાએ આરોપ મૂક્યો છે કે- એજાઝ ખાને ફિલ્મોમાં કામ આપવાના બહાને તેની સાથે ઘણી વખત દુષ્કર્મ આચર્યું હતું.મહિલાએ એજાઝ ખાન લગાવ્યો ગંભીર આરોપ પીડિત મહિલાએ જણાવ્યું હતું કે એજાઝ ખાને તેને તેના 'હાઉસ અરેસ્ટ શો'માં હોસ્ટની ભૂમિકા આપવા માટે ફોન કર્યો હતો. શૂટિંગ ચાલી રહ્યું હતું ત્યારે એજાઝ ખાને પહેલા પીડિતાને પ્રપોઝ કર્યું અને બાદમાં ધર્મપરિવર્તન કરી તેની સાથે લગ્ન કરવાનું વચન આપ્યું.

# જેક્લીને નોરા ફતેહીના ડાન્સ મૂવ્સ કોપી કર્યા!:'હાઉસફુલ 5'નું 'લાલ પરી' ગીત જોયા બાદ યુઝર્સનો દાવો- કંઈ નવું નથી મળી રહ્યું?

ફિલ્મ 'હાઉસફુલ 5'નું નવું ગીત 'લાલ પરી' રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયું છે. જોકે, આ દરમિયાન જેકલીન ફર્નાન્ડીઝના ડાન્સ મૂવ્સ અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. કેટલાક યુઝર્સે તેના ડાન્સની પ્રશંસા કરી, તો કેટલાકે તેની સરખામણી નોરા ફતેહી સાથે કરી અને નોરા ફતેહીની સ્ટાઈલને કોપી કરવાનો આરોપ લગાવ્યો.જેકલીન ફર્નાન્ડીઝના 'લાલ પરી' ગીતના ડાન્સ સિક્વન્સનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આમાં એક્ટ્રેસ બેલી ડાન્સ કરતી જોઈ શકાય છે, જેને



જોઈને ચાહકો ખૂબ ખુશ છે. જેકલીનની પ્રશંસા કરતા એક યુઝરે લખ્યું, 'જેકલીન કારકિર્દીની ટોચ પર છે.', બીજાએ લખ્યું, 'જેકલીન આ ગીત માટે રિયલ OG છે.', ત્રીજાએ કહ્યું, 'જેકલીન, ખૂબ જ હોટ લાગે છે. મને વિશ્વાસ નથી થઈ રહ્યો કે તે 39વર્ષની છે.'જેકલીન ફર્નાન્ડીઝના ડાન્સ મૂવ્સનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલજેકલીન ફર્નાન્ડીઝના ડાન્સ મૂવ્સનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલજેકલીનની પ્રશંસા કરતા યુઝર્સજેકલીનની પ્રશંસા કરતા યુઝર્સજોકે, કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે જેકલીન અને નોરાની ડાન્સ સ્ટાઈલ પર પણ સવાલો ઉઠાવ્યા છે. એકે યુઝરે લખ્યું, 'જેકલીન તેની સ્ટાઈલમાં સારી હતી. તો પછી તે નોરાના સ્ટેપ્સ કોપી કેમ કરી રહી છે?', બીજાએ લખ્યું, 'તો જેકલીન ક્યારેય નોરાના સ્ટેપ કોપી કરવાનું બંધ નહિ કરે. હાહાહા.', આ ઉપરાંત, કેટલાક લોકોએ એવો પણ દાવો કર્યો હતો કે આ ગીત નોરા ફતેહીના 'ગર્મી' પરથી કોપી કરવામાં આવ્યું હોય તેવું લાગી રહ્યું છે.'લાલ પરી' ગીતને નોરા ફતેહીના 'ગર્મી' સાથે સરખાવ્યું'લાલ પરી' ગીતને નોરા ફતેહીના 'ગર્મી' સાથે સરખાવ્યુંયુઝર્સે જેકલીન પર ડાન્સ મૂવ્સ કોપી કરવાનો આરોપ લગાવ્યોયુઝર્સે જેકલીન પર ડાન્સ મૂવ્સ કોપી કરવાનો આરોપ લગાવ્યોજેકલીનની નોરા સાથે સરખામણી કરતો યુઝરજેકલીનની નોરા સાથે સરખામણી કરતો યુઝર'હાઉસફુલ 5' એક મલ્ટીસ્ટારર ફિલ્મ બનવા જઈ રહી છે, જેમાં અક્ષય કુમારની સાથે ઘણા અન્ય કલાકારો પણ જોવા મળશે. અક્ષય કુમાર, રિતેશ દેશમુખ અને અભિષેક બચ્ચન ઉપરાંત આ ફિલ્મમાં શ્રેયસ તલપડે, જેકલીન ફર્નાન્ડીઝ, સોનમ બાજવા, નરગીસ ફખરી, સંજય દત્ત, જેકી શ્રોફ, નાના પાટેકર, ચિત્રાંગદા સિંઘ, ફરદીન ખાન, ચંકી પાંડે, જોની શર્મા, નીન લેવર જેવા કલાકારો દેખાશે. આ ફિલ્મ 6 જૂને રિલીઝ થશે. ફિલ્મ 'હાઉસફુલ 5'નું નવું ગીત 'લાલ પરી' રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયું છે. જોકે, આ દરમિયાન જેકલીન ફર્નાન્ડીઝના ડાન્સ મૂવ્સ અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

# 'છોરી 2' ફિલ્મના ફોટો શેર કરી એક્ટ્રેસે લખ્યું, ઓન એન્ડ ઑફ સેટ વિથ દાસી”



તાજેતરમાં OTT પ્લેટફોર્મ પર રિલીઝ થયેલી હોરર સિક્વલ 'છોરી 2'માં દાસી માના પાત્રથી એક્ટ્રેસ સોહા અલી ખાને સૌને સ્તબ્ધ કરી દીધા છે. ત્યારે એક્ટ્રેસે હાલમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર બીહાઈન્ડ ધ સીન એટલે કે BTS ફોટો શેર કર્યાં. એક્ટ્રેસે લખ્યું, ₹ઓન એન્ડ ઑફ સેટ વિથ દાસી₹.સોહાએ ફોટો શેર કરતા જ ફેન્સે તેના પર પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કરી દીધું. કેટલાક યૂઝર્સે તેના દેખાવને 'ડરામણું' અને 'ઓળખી ન શકાય તેવું' ગણાવ્યો. સોહાએ શેર કરેલા ફોટોમાં તે કાળા કપડાં પહેરેલી અને ચહેરા પર ડરામણા ગેટઅપમાં જોવા મળી રહી છે. જ્યારે એક ફોટોમાં તે 'CGI સૂટ' પહેરેલી જોવા મળે છે. ફિલ્મ અને એનિમેશનમાં એક્ટર્સની ગતિવિધિઓને ટ્રેક કરીને કમ્પ્યુટર જનરેટેડ ઈમેજરી (CGI) બનાવવા માટે આ સુટ (કોસ્ચ્યૂમ)નો ઉપયોગ કરવામાં આવે છે.એક્ટ્રેસે VFX શુટિંગ સમયનો ફોટો પણ શેર કર્યોએક્ટ્રેસે VFX શુટિંગ સમયનો ફોટો પણ શેર કર્યોએક્ટ્રેસે પોતાના ભૂતિયા લૂકની સાથે શુટિંગમાં બ્રેક દરમિયાન અન્ય કલાકારો અને ક્રુ સાથે માણેલી કેટલીક હળવાશભરી ક્ષણોને પણ શેર કરી હતી. સોહાએ પોસ્ટ કરતાની સાથે જ ફેન્સે તેના પર પ્રેમ વરસાવવાનો શરૂ કરી દીધો હતો. યૂઝર્સ તેની એક્ટિંગ અને લૂકના વખાણ કરતી કોમેન્ટ્સ કરી રહ્યા છે.યૂઝર્સે સોશિયલ મીડિયા પર એક્ટ્રેસના લૂક અને કેરેક્ટરના વખાણ કર્યાં.યૂઝર્સે સોશિયલ મીડિયા પર એક્ટ્રેસના લૂક અને કેરેક્ટરના વખાણ કર્યાં.નોંધનીય છે કે, સોહા અલી ખાન છેલ્લે 2018માં આવેલી 'સાહેબ, બીવી ઓર ગેન્ગસ્ટર 3'માં જોવા મળી હતી. ત્યાર બાદ તેણીએ 2022માં આવેલી 'કૌન બનેગી શીખરવતી'.

# એક્ટર શહજાદ ખાનનો મોટો આરોપ; કહ્યું- જે ક્યાંય ન ચાલે તેવા લોકોને ભાઈજાન સ્ક્રિપ્ટિંગ સોંપે છે



સલમાન ખાન સાથે 'અંદાઝ અપના અપના' અને 'ભારત' જેવી ફિલ્મોમાં કામ કરી ચૂકેલા એક્ટર શહઝાદ ખાને (પૂર્વ બોલિવૂડ ખલનાયક અજિત ખાનનો પુત્ર) તાજેતરમાં જ સલમાન ખાનની ફિલ્મો સતત ફ્લોપ થવા પર પ્રતિક્રિયા આપી છે. તે માને છે કે સલમાનની ફિલ્મો નિષ્ફળ જાય છે કારણ કે તે એવા મિત્રોને સ્ક્રિપ્ટિંગ માટે પોતાની સાથે બેસાડે છે, જેમની પાસે કોઈ કામ નથી. જોકે તેમણે એમ પણ કહ્યું કે સલમાનની ફિલ્મો ભલે ફ્લોપ જાય, પણ સલમાન ક્યારેય ખતમ થઈ શકતો નથી.તાજેતરમાં, ઈન્ડિયા ટુડે ડિજિટલને આપેલા એક ઈન્ટરવ્યૂમાં, શહેઝાદને સલમાનની ફ્લોપ ફિલ્મો વિશે પ્રશ્ન કરવામાં આવ્યો હતો, જેના જવાબમાં એક્ટરે કહ્યું હતું કે, 'આ બધું બકવાસ છે. આ તો સાવ બકવાસ છે. એ વાત અલગ છે કે તેની ફિલ્મો સારી ચાલી રહી નથી, પણ સલમાન ખાન ક્યારેય સમાપ્ત થઈ શકે નહીં. જ્યાં સુધી ભગવાન તેને બોલાવે નહીં, ત્યાં સુધી તે ચાલતો રહેશે. તેનું સ્થાન કોઈ લઈ શકશે નહીં. ટાઈગર અભી જિંદા હૈ ઔર હંમેશા રહેગા. તેમની ફિલ્મો આવશે અને સુપર-ડુપર હિટ થશે. સલમાન ખાનની કરિયર ખતમ થઈ જશે એ વિશે વાત કરવી એ સંપૂર્ણપણે બકવાસ છે.

# 5 પત્ની, 12 અફેર છતાં કોઈએ સાથ ન આપ્યો, પુત્રને મળવા તરસતો રહ્યો;18 વર્ષ સુધી કામ ન મળ્યું




હિન્દી સિનેમાના પ્રખ્યાત ખલનાયક મહેશ આનંદ છેલ્લાં ઘણાં વર્ષોથી બીમાર હતા. કામ મળવાનું બંધ થઈ ગયું હતું અને ઘરની આર્થિક સ્થિતિ એટલી ખરાબ હતી કે ખાવાનું પણ મળતું નહોતું. જે કંઈ બચ્યું હતું એ પણ સારવાર પાછળ ખર્ચાઈ ગયું. આમ છતાં કોઈક રીતે તે તેમની બહેન પાસેથી મળતા પૈસામાંથી દારૂ પીવાની વ્યવસ્થા કરી લેતા હતા.ન તો ખાવા-પીવાનું કોઈ ઠેકાણું હતું ન તો સાફ- સફાઈનું, આથી બહેને તેના માટે એક ટિફિનવાળો રાખ્યો હતો, જે દરરોજ ઘરના દરવાજા પર ટિફિન લટકાવી દેતો હતો. એક નોકરાણી પણ હતી, જે ક્યારેક-ક્યારેક ઘર સાફ કરી જતી હતી.એ દિવસે પાડોશીઓની નજર મહેશના દરવાજા તરફ પડી, તો તેમણે જોયું કે ત્યાં ટિફિન ભેગાં થઈ રહ્યાં હતાં. જ્યારે 57 વર્ષનો કોઈ માણસ ઘરમાં એકલો હોય અને એ સ્પષ્ટ હોય કે તેની પાસે ટિફિન સિવાય ખોરાકનો બીજો કોઈ સ્રોત નથી, ત્યારે અહીં ટિફિન એકઠાં થવાની વાત ખટકે તેવી હતી. પાડોશીઓ જેવા ઘરના દરવાજા પાસે પહોંચ્યા તો ઘરમાંથી દુર્ગંધ આવવા લાગીજેમ જેમ બધા આગળ વધવા લાગ્યા એમ એમ કંઈક સડી રહ્યું હોવાની ગંધ વધુ તીવ્ર બનવા લાગી. જેમ જેમ તેઓ દરવાજાની નજીક ગયા તો દુર્ગંધને કારણે ત્યાં ઊભા રહેવું મુશ્કેલ બન્યું. કંઈક અજુગતું લાગતાં પડોશીઓએ તાત્કાલિક પોલીસને જાણ કરી.પોલીસ ઘટનાસ્થળે પહોંચીને દરવાજો તોડ્યો કે તરત જ ભયાનક દૃશ્ય જોવા મળ્યું?. અંદર, મહેશનું સડેલું શબ સોફા પર પડેલું હતું. સોફા પર હાથ પાસે વાઈનની એક અધૂરી બોટલ અને અડધું ખાધેલું ભોજન પડેલું હતું.

# સુનૈનાએ કહ્યું- પલંગ-ખુરશી પરથી પડી જતી, આદત છોડવા રિહેબ સેન્ટર જવું પડ્યું

હ્રતિક રોશનની બહેન સુનૈના રોશને એક સમયે દારૂની ખરાબ આદત લાગી ગઈ હતી. હવે તાજેતરમાં તેણે આ લતની શરૂઆતથી લઈને અંત સુધીની સંપૂર્ણ કહાની જણાવી છે. સુનૈનાએ જણાવ્યું છે કે- એક સમયે તે એટલો દારૂ પીતી હતી કે તે પલંગ અને ખુરશી પરથી પડી જતી હતી. આ જ કારણ હતું કે- તેણે પોતે તેના માતાપિતાને કહ્યું કે તે રિહેબ સેન્ટર (નશા મુક્ત માટેનું સ્થળ) જવા માંગે છે.

પિંકવિલાને આપેલાં ઈન્ટરવ્યૂમાં, સુનૈના રોશનને પૂછવામાં આવ્યું કે- તમને દારૂની ખરાબ લત લાગી છે આ વિશે ક્યારે ખ્યાલ આવ્યો? આના પર તેણે કહ્યું, મેં મારી જાતને નુકસાન પહોંચાડ્યું છે. હું પથારી પરથી પડી જતી. હું ખુરશી પર સીધી બેસી નહોતી શકતી. મારા શરીર પર ઘણી ઈજાના નિશાન છે. મારી સ્કિનનો કલર બદલાઈ જતો હતો. મેં આ બધાનો સામનો કર્યો છે. શરૂઆતમાં આપણે એક કે બે પેક પીએ છીએ પછી ધીમે ધીમે દારૂની લત લાગે છે અને જ્યારે અસુરક્ષિત તબક્કામાં પહોંચીએ ત્યારે તમારા શરીરને દરેક સમયે તેની વધુ જરૂર પડે છે.સુનૈના હ્રતિક રોશન કરતા 2 વર્ષ મોટી છે.

સુનૈના હ્રતિક રોશન કરતા 2 વર્ષ મોટી છે.સુનૈનાના મતે, તે ટીબી, કેન્સર અને હર્પીસ



જેવા ગંભીર બીમારી સામે લડતાં-લડતાં કંટાળી ગઈ હતી. આ જ કારણ છે કે તેણે દારૂ પીવાનું શરૂ કર્યું.

આના પર તેણે કહ્યું, હું મારી બીમારીઓ સાથે વધારે લડી શકું તેમ નહોતી. મને એકલું લાગતું હતું. મને લાગતું હતું કે દારૂ મારા મનને શાંત કરવાનો શ્રેષ્ઠ રસ્તો છે. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે મને ખૂબ જ ખરાબ લત લાગી જશે. આ બધું ધીમે ધીમે થયું અને શરીરને વધુ પાણીની જરૂર પડવા લાગી.સુનૈનાએ વાતચીતમાં જણાવ્યું કે, તેની હાલત જોઈને તેણે પોતે જ તેના માતાપિતાને કહ્યું કે- તે રિહેબમાં જવા માંગે છે. તેણે તેના માતાપિતાને કહ્યું હતું કે- તે ભારતમાં નહીં પણ કોઈ વિદેશના રિહૈબ સેન્ટરમાં જશે. રિહેબનો પોતાનો અનુભવ શેર કરતાં સુનૈનાએ જણાવ્યું કે- 6-7 કાઉન્સેલર મારી આસપાસ રહેતા. આ 28 દિવસનો કોર્સ હતો અને તે સામાન્ય કરતા બિલકુલ જ અલગ હતો. તેણે વધુમાં જણાવ્યું કે- 28 દિવસના કોર્ષ દરમિયાન, તે એક પણ દિવસ સૂઈ શકી નહોતી અને તેને એક રૂમમાં બંધ કરી દિવસ-રાત 8-9 કલાક સતત પૂછપરછ કરવામાં આવી હતી, જેના કારણે તે સંપૂર્ણપણે થાકી ગઈ હતી. પરિણામે આજે સુનૈના એ વ્યસનથી મુક્તિ મેળવી લીધી છે.

# ક્રિકેટર મોહમ્મદ શમીને ધમકી- મારીને બેગમાં પેક કરી દઈશું:અમને એક કરોડ આપો, સરકાર અમને કંઈ કરી શકશે નહીં; UPના અમરોહામાં FIR

ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. આ ધમકી 2 ઈમેલથી આપી છે.શમીના મોટા ભાઈ હસીબે જણાવ્યું કે આ ધમકી રાજપૂત સિંધાર નામના મેઈલ આઈડી પરથી આવી છે. પહેલો મેઈલ 4 મેના રોજ સાંજે આવ્યો અને બીજો મેઈલ 5 મેના રોજ સવારે આવ્યો. મેઈલમાં લખ્યું છે, 'જો તમે મને 1 કરોડ રૂપિયા નહીં આપો તો હું શમીને મારી નાખીશ અને તેના શરીરને બેગમાં ભરી દઈશ. સરકાર અમને કંઈ કરી શકશે નહીં.'હસીબની ફરિયાદ પર, અમરોહા પોલીસના સાયબર સેલે આ મામલે FIR નોંધી છે. મોહમ્મદ શમી આ દિવસોમાં IPL 2025માં વ્યસ્ત છે. તે સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમ તરફથી રમી રહ્યો છે.મોહમ્મદ શમી યુપીના અમરોહાનો રહેવાસી છે.મોહમ્મદ શમી યુપીના અમરોહાનો રહેવાસી છે.હવે શમીને મળેલો મેઈલ વાંચો.ધમકી આપનાર વ્યક્તિએ કહ્યું- અમે કર્ણાટક સરકારને પડકાર ફેંકીએ છીએધમકીભર્યા મેઈલમાં લખ્યું છે, 'અરે શમી, અમે તને મારી નાખીશું અને બેગમાં ભરી દઈશું. જો અમે તને મારી નાખીશું તો એ પ્રભાકર ડરી જશો. અમને બેંગલુરુના રામપુરામાં રહેતા પ્રભાકર પાસેથી 1 કરોડ રૂપિયાની જરૂર છે. પ્રભાકરે તાજેતરમાં જ તેના દીકરા દિવિજના લગ્ન કરાવ્યા અને અમારી 1 કરોડ રૂપિયાની રોકડ રકમ તેની પુત્રવધૂના ઘરે છુપાવી દીધી. પ્રભાકરની પત્નીનું નામ લક્ષ્મી છે. પ્રભાકર તેના દીકરાના લગ્ન પછી અમારા ફોન ઉપાડી રહ્યો નથી. પોલીસ અમારું કંઈ કરી શકે નહીં, અમે કર્ણાટક સરકારને પડકાર ફેંકીએ છીએ.'ક્રિકેટર મોહમ્મદ શમીના ભાઈ હસીબે તેની FIRમાં કહ્યું-QuoteImageમારું નામ હસીબ છે. હું અમરોહાના સહસપુર અલી નગર ગામનો રહેવાસી છું. ભારતીય ક્રિકેટર મોહમ્મદ શમીનો દીકરો તૌસીફ અહેમદ મારો સગો ભાઈ છે.

મોહમ્મદ શમી IPLમાં વ્યસ્ત છે. મેં 4 મેના રોજ રાત્રે લગભગ 11 વાગ્યે શમીનું મેઈલ આઈડી ખોલ્યું. મારે મહત્વપૂર્ણ ઈમેઈલ્સ તપાસવા પડ્યા. તેમાં મેં મોહમ્મદ શમીને મારી નાખવાની ધમકી આપતો એક ઈમેલ જોયો. આ મેઈલ રાજપૂત સિંધરના આઈડી પરથી આવ્યો હતો. જેમાં પ્રભાકરનું નામ અને મોબાઈલ નંબર અને 1 કરોડ રૂપિયાનો ઉલ્લેખ કર્યો છે.QuoteImageSPએ કહ્યું- આરોપીઓની ટૂંક સ ધરપકડ કરવામાં આવશે અમરોહાના પોલીસ અધિક્ષક અમિત કુમાર આનંદે ભાસ્કરને જણાવ્યું કે, મોહમ્મદ શમીના ભાઈ હસીબે ફરિયાદ નોંધાવી છે. હસીબે જણાવ્યું કે તેના ભાઈને મેઈલથી ધમકી આપી છે. મેઈલમાં લખ્યું છે કે જો બેંગલુરુ નિવાસી એ પ્રભાકર 1 કરોડ રૂપિયા નહીં આપે તો મોહમ્મદ



શમીને નુકસાન થશે. હસીબે આવા કોઈ વ્યક્તિને ઓળખવાનો ઈનકાર કર્યો છે. કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીને શોધી કાઢવામાં આવી રહ્યો છે. તેની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.શમી અને તેની પુત્રી આયરા વિરુદ્ધ ફતવો જારી કર્યો હતોઆ વર્ષે માર્ચમાં બન્યું હતું. ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચે મેચ ચાલી રહી હતી. રમઝાનનો મહિનો હતો. મોહમ્મદ શમી ગ્રાઉન્ડ પર એનર્જી ડ્રિંક પીતો જોવા મળ્યો. આ અંગે બરેલીમાં ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રઝવીએ મોહમ્મદ શમી પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, શમીએ રમઝાન દરમિયાન રોઝા રાખ્યા ન હતા, જે પાપ છે. શરિયાની નજરમાં તે ગુનેગાર છે. તેણે આવું ક્યારેય ન કરવું જોઈતું હતું.'શમી શરિયાના નિયમોનું પાલન કરે છેશહાબુદ્દીન રઝવીએ કહ્યું-QuoteImageશરિયાના નિયમોનું પાલન કરવાની જવાબદારી દરેક વ્યક્તિની છે. ઈસ્લામમાં રોઝા ફરજિયાત છે. જો કોઈ વ્યક્તિ જાણી જોઈને રોઝા ન રાખે તો તેને ઈસ્લામિક કાયદા મુજબ પાપી ગણવામાં આવે છે. ક્રિકેટ રમવું ખરાબ નથી, પરંતુ ધાર્મિક જવાબદારીઓ પણ પૂરી કરવી જોઈએ.

હું શમીઓને શરિયાના નિયમોનું પાલન કરવાની અને પોતાના ધર્મ પ્રત્યે જવાબદાર બનવાની સલાહ આપું છું.QuoteImageવાત ત્યાં પૂરી ન થઈ. શમીની દીકરી હોળી પર રંગોથી રમી હતી. શમીની પૂર્વ પત્ની હસીન જહાંએ દીકરીનો ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. આ અંગે મૌલાના શહાબુદ્દીન રઝવીએ કહ્યું - રંગો સાથે રમવું શરિયાની વિરુદ્ધ છે અને ગેરકાયદેસર છે.ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રઝવીએ શમી વિરુદ્ધ ફતવો બહાર પાડ્યો હતો.ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રઝવીએ શમી વિરુદ્ધ ફતવો બહાર પાડ્યો હતો.મૌલાનાએ કહ્યું- તે એક નાની છોકરી છે, જો તે કોઈ સમજણ વગર હોળી રમી હોય તો તે ગુનો નથી. જો તે સમજદાર થઈ ગઈ છે. આ પછી પણ જો હોળી રમી તો તે શરિયત વિરુદ્ધ ગણાશે.તેમણે કહ્યું- મેં શમી સહિત પરિવારના તમામ સભ્યોને અપીલ કરી છે કે તેઓ તેમના બાળકોને એવા કામ ન કરવા દે જે શરિયતમાં નથી.

હોળી હિન્દુઓ માટે એક મોટો તહેવાર છે, પરંતુ મુસ્લિમોએ રંગોથી રમવાનું ટાળવું જોઈએ કારણ કે જો કોઈ શરિયત જાણતા હોવા છતાં હોળી રમે છે, તો તે પાપ છે.મૌલાનાની સલાહ પર શમીએ કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. જોકે, તેની ભૂતપૂર્વ પત્ની હસીન જહાંએ કહ્યું હતું કે તેમની પુત્રીએ હોળી રમીને કંઈ ખોટું કર્યું નથી.IPLમાં શમીનું પ્રદર્શન ખરાબ રહ્યું, તેણે 9 મેચમાં 6 વિકેટ લીધી મોહમ્મદ શમીનું IPL 2025માં સનરાઈઝર્સ હૈદરાબાદ માટે ખરાબ પ્રદર્શન રહ્યું છે. તેને IPL 2025ના ઓક્શનમાં 10 કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો. તેણે 9 મેચમાં 11.23ની ઈકોનોમી રેટથી 6 વિકેટ લીધી છે.તેણે પંજાબ કિંગ્સ સામે 75 રન આપીને IPL મેચમાં સૌથી વધુ રન આપવાનો શરમજનક રેકોર્ડ પણ બનાવ્યો. તેથી, IPLમાં આ ખરાબ ફોર્મે આકાશ ચોપરાને વિચારવા મજબૂર કર્યા છે કે શું શમીને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવશે.

# ઈજાગ્રસ્ત વંશ બેદીનું સ્થાન લેશે; હર્ષ દુબે SRHનો ભાગ બન્યો




ચેન્નઈ સુપર કિંગ્સે અનકેપ્ડ વિકેટકીપર બેટર ઉર્વિલ પટેલને ટીમનો ભાગ બનાવ્યો છે. તેણે ઈજાગ્રસ્ત વંશ બેદીની જગ્યા લીધી. ઉર્વિલે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં 28 બોલમાં સદી ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો છે. બીજી તરફ, સનરાઈઝર્સ હૈદરાબાદે રવિચંદ્રન સ્મરણના સ્થાને સ્પિનર હર્ષ દુબેનો ટીમમાં સમાવેશ કર્યો.પગની ઘૂંટીની ઈજાને કારણે બેદી બહાર થયોCSKના યુવા વિકેટકીપર-બેટર વંશ બેદી પગની ઘૂંટીની ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. આ સિઝનમાં તે એક પણ મેચ રમી શક્યો નથી. ગુજરાત માટે ડોમેસ્ટિક ક્રિકેટ રમનાર 26 વર્ષીય ઉર્વિલ 30 લાખ રૂપિયાના બેઝ પ્રાઈસ પર તેની જગ્યાએ આવશે. મેગા ઓક્શનમાં ઉર્વિલ અનસોલ્ડ રહ્યો હતો.વંશ બેદી એક પણ મેચ રમ્યા વિના IPL 2025માંથી બહાર થઈ ગયો.વંશ બેદી એક પણ મેચ રમ્યા વિના IPL 2025માંથી બહાર થઈ ગયો.ચેન્નઈએ સિઝનના મધ્યમાં ઉર્વિલ અને આયુષ મ્હાત્રેને ટ્રાયલ માટે બોલાવ્યા હતા. કેપ્ટન ઋતુરાજ ગાયકવાડના સ્થાને મ્હાત્રેને પણ ટીમમાં સામેલ કર્યો હતો, પરંતુ ઉર્વિલને હમણાં જ સ્થાન મળ્યું છે. ઉર્વિલ અગાઉ 2023માં પણ IPL ટીમ ગુજરાત ટાઈટન્સમાં ભાગ લઈ ચૂક્યો છે. જોકે, તે સમયે તેને એક પણ મેચ રમવાની તક મળી ન હતી.28 બોલમાં સદી ફટકારી ઉર્વિલે છેલ્લી સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની 6 ઈનિંગ્સમાં 230ની સ્ટ્રાઈક રેટ અને 78.75ની સરેરાશથી 315 રન બનાવ્યા હતા. ઉર્વિલની ટીમ ગુજરાત નોકઆઉટ સ્ટેજમાં સ્થાન મેળવી શકી ન હતી, પરંતુ તેણે માત્ર 6 મેચમાં સૌથી વધુ 29 છગ્ગા ફટકાર્યા હતા.ઉર્વિલ IPL મેગા ઓક્શનમાં અનસોલ્ડ રહ્યો હતો. ઓક્શનના બીજા જ દિવસે તેણે ઈન્દોરમાં ત્રિપુરા સામે 28 બોલમાં સદી ફટકારી હતી. આ T20માં કોઈપણ ભારતીય ખેલાડીએ ફટકારેલા સૌથી ઓછા બોલ હતા. ત્યારબાદ તેણે ટુર્નામેન્ટમાં 36 બોલમાં સદી ફટકારી. ઉર્વિલ અત્યાર સુધીમાં 47 T20 મેચમાં 170 થી વધુના સ્ટ્રાઈક રેટથી 1162 રન બનાવી ચૂક્યો છે.ઉર્વિલ પટેલે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં 28 અને 36 બોલમાં સદી ફટકારી છે.ઉર્વિલ પટેલે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં 28 અને 36 બોલમાં સદી ફટકારી છે.હર્ષ દુબે હૈદરાબાદનો ભાગ બન્યો IPL પ્લેઓફ સ્ટેજમાંથી લગભગ બહાર થઈ ગયેલી સનરાઈઝર્સ હૈદરાબાદે પણ ઈજાગ્રસ્ત ખેલાડીની જાહેરાત કરી. બેટર રવિચંદ્રન સ્મૃતિના સ્થાને સ્પિનર હર્ષ દુબેનો ટીમમાં સમાવેશ કર્યો હતો. એડમ ઝામ્પાના સ્થાને સ્મરણ પોતે ટીમનો ભાગ બન્યો હતો.વિદર્ભનો ડાબા હાથના સ્પિનર હર્ષ દુબે રણજી ટ્રોફીની એક સિઝનમાં સૌથી વધુ વિકેટ (69) લેનાર બોલર છે.વિદર્ભનો ડાબા હાથના સ્પિનર હર્ષ દુબે રણજી ટ્રોફીની એક સિઝનમાં સૌથી વધુ વિકેટ (69) લેનાર બોલર છે.SRH-CSK આગામી સિઝન માટે તૈયારી કરી રહી છે ચેન્નઈ IPLની 18મી સીઝનમાંથી બહાર થઈ ગયું છે. હૈદરાબાદ પણ ટુર્નામેન્ટમાંથી લગભગ બહાર થઈ ગયું છે. આ કારણોસર, બંને ટીમ આગામી સિઝનને ધ્યાનમાં રાખીને નવી ટીમો તૈયાર કરી રહી છે. બંને ટીમે તેમની ટીમમાં રિપ્લેસમેન્ટ ખેલાડીઓનો સમાવેશ કર્યો. CSK એ પહેલાથી જ 3 ખેલાડીઓને રિપ્લેસમેન્ટ તરીકે ટીમમાં સામેલ કર્યા છે.

## દેશ - વિદેશ

# પાકિસ્તાનના રાજદૂતે કહ્યું- ભારત સામે સંપૂર્ણ તાકાત સાથે લડીશું; POKમાં લોટનો સપ્લાય વધાર્યો


અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હવે વિદેશી ફિલ્મોને નિશાન બનાવી છે. તેમણે જાહેરાત કરી છે કે અમેરિકામાં રિલીઝ થવા પર વિદેશમાં બનેલી ફિલ્મો પર 100% ટેરિફ લાગશે.ટ્રમ્પે રવિવારે રાત્રે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરી અને કહ્યું કે તેમણે આ માટે યુએસ વાણિજ્ય વિભાગને પણ આદેશ આપ્યા છે.ટ્રમ્પે કહ્યું કે અમેરિકન ફિલ્મ ઉદ્યોગ ખૂબ જ ઝડપથી લુપ્ત થઈ રહ્યો છે કારણ કે અન્ય દેશો ફિલ્મો બનાવવા માટે અનેક પ્રકારની છૂટછાટો અને ઓફરો આપી રહ્યા છે. ટ્રમ્પે તેને અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવ્યો છે.ટ્રમ્પે આરોપ લગાવ્યો છે કે વિદેશમાં બનેલી ફિલ્મો અમેરિકામાં પ્રચાર ફેલાવી શકે છે.ટ્રમ્પે આરોપ લગાવ્યો છે કે વિદેશમાં બનેલી ફિલ્મો અમેરિકામાં પ્રચાર ફેલાવી શકે છે.હાલમાં તે સ્પષ્ટ નથી કે ટેરિફ કેવી રીતે લાગુ કરવામાં આવશેડોનાલ્ડ ટ્રમ્પે વિદેશમાં બનેલી ફિલ્મો પર 100 ટકા ટેરિફ લાદ્યો હશે. પરંતુ હાલમાં તે સ્પષ્ટ નથી કે આ કેવી રીતે અમલમાં મૂકવામાં આવશે.મોટાભાગની ફિલ્મોનું શૂટિંગ વિશ્વના ઘણા દેશોમાં થાય છે. બ્રિટન અને કેનેડા જેવા દેશો પણ ફિલ્મોના નિર્માણ પર કરમુક્તિ આપે છે. આ કારણે, અમેરિકાને બદલે આ દેશોમાં ફિલ્મોનું શૂટિંગ થઈ રહ્યું છે.ટ્રમ્પે અગાઉ ચિંતા વ્યક્ત કરી હતી કે અમેરિકાની બહાર ફિલ્મો બની રહી છે. તેમણે કહ્યું કે જો કોઈ અમેરિકામાં ફિલ્મ બનાવવા માંગતો નથી, તો તેના પર ટેક્સ લાગવો જોઈએ.આ ફોટો લોસ એન્જલસમાં હોલિવુડ હિલ્સનો



છે.આ ફોટો લોસ એન્જલસમાં હોલિવુડ હિલ્સનો છે.અમેરિકામાં ફિલ્મ નિર્માણમાં 26%નો ઘટાડો થયોઅમેરિકામાં ફિલ્મોનું નિર્માણ સતત ઘટી રહ્યું છે. એક અહેવાલ મુજબ, અમેરિકામાં ફિલ્મ નિર્માણમાં 2021ની સરખામણીમાં 2023 સુધીમાં 26% ઘટાડો થવાની ધારણા છે. આ કારણે, હોલિવુડ માટે પ્રખ્યાત લોસ એન્જલસ શહેરની સ્થિતિ વધુ ખરાબ છે.આ દરમિયાન ચીન જેવા દેશોમાં, સ્થાનિક ફિલ્મો ખૂબ જ ઝડપથી બની રહી છે. ચીની એનિમેટેડ ફિલ્મ ઝાઓ 2 એ દેશમાં $2 બિલિયનથી વધુની કમાણી કરી છે, જ્યારે આ ફિલ્મ યુએસમાં ફક્ત $20 મિલિયનની કમાણી કરી શકી છે.ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલી સંસ્થા મોશન પિક્ચર એસોસિએશન અનુસાર, 2023માં અમેરિકન ફિલ્મોએ વિશ્વભરમાં $22.6 બિલિયનની કમાણી કરી છે.ટ્રમ્પ પહેલા પણ ઘણી વાર કહી ચૂક્યા છે કે તેઓ હોલિવુડને પહેલા કરતા પણ મોટું, સારું અને મજબૂત બનાવવા માંગે છે. આ માટે તેમણે મેલ ગિબ્સન, જોન વોઈટ અને સિલ્વેસ્ટર સ્ટેલોન જેવા કલાકારોને પણ ખાસ રાજદૂત બનાવ્યા છે.હોલિવુડમાં ફિલ્મના શૂટિંગનો ફોટો (પ્રતીકાત્મક)હોલિવુડમાં ફિલ્મના શૂટિંગનો ફોટો (પ્રતીકાત્મક)હોલીવુડ અમેરિકાની સૌથી મોટી સોફ્ટ પાવર છેહોલિવુડ ફક્ત ફિલ્મો બનાવવાનું સ્થળ નથી, પરંતુ તે અમેરિકાનું સોફ્ટ પાવરનું સૌથી મોટું શસ્ત્ર પણ રહ્યું છે. છેલ્લી સદીમાં, હોલીવુડ ફિલ્મોએ અમેરિકન સંસ્કૃતિ, ભાષા, જીવનશૈલી અને વિચારધારાને વિશ્વભરમાં પ્રસારિત કરી છે.સ્પાઈડરમેન, એવેન્જર્સ, ટાઈટેનિક, ગોડફાધર, સ્ટાર વોર્સ, હેરી પોટર જેવી ફિલ્મો ફક્ત મનોરંજન જ નહોતી, પરંતુ અમેરિકાની વૈશ્વિક ઓળખનો એક ભાગ બની ગઈ છે.અમેરિકામાં દર વર્ષે સેંકડો ફિલ્મો બને છે અને તેમનું બજાર ફક્ત અમેરિકા પૂરતું મર્યાદિત નથી. આ વિશ્વના લગભગ દરેક દેશમાં રિલીઝ થાય છે. ૨૦૨૩ માં, અમેરિકન ફિલ્મોએ માત્ર નિકાસમાં ૨૨.૬ બિલિયન ડોલરનું ઉત્પાદન કર્યું અને ૧૫.૩ બિલિયન ડોલરનો વેપાર સરપ્લસ મેળવ્યો.જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં, હોલીવુડે ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો છે જેમાં કોવિડ-૧૯ રોગચાળો, ૨૦૨૩માં ફિલ્મ યુનિયન હડતાળ, લોસ એન્જલસમાં જંગલની આગ અને ઉત્પાદન ખર્ચમાં વધારો સામેલ છે.

# પહેલગામ હુમલા પર બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીનનું નિવેદન:કહ્યું- ઈસ્લામે 1400 વર્ષમાં પ્રગતિ કરી નથી; જ્યાં સુધી ઈસ્લામ રહેશે ત્યાં સુધી આતંકવાદ રહેશે

દેશનિકાલ કરાયેલા બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીને રવિવારે પહેલગામ આતંકવાદી હુમલા અને 2016માં ઢાકામાં થયેલા આતંકવાદી હુમલા વચ્ચે સમાનતા દર્શાવતા કહ્યું કે જ્યાં સુધી ઈસ્લામ રહેશે ત્યાં સુધી આતંકવાદ પણ રહેશે. દિલ્હીમાં એક સાહિત્ય મહોત્સવના એક સેશનમાં તેમણે કહ્યું કે 1400 વર્ષમાં પણ ઈસ્લામનો વિકાસ થયો નથી.તેમણે કહ્યું - જ્યાં સુધી આવું નહીં થાય ત્યાં સુધી ઈસ્લામ આતંકવાદીઓને જન્મ આપતો રહેશે. 2016ના ઢાકા હુમલામાં, મુસ્લિમો કલમા ન વાંચી શકતા તેમની હત્યા કરવામાં આવી હતી. જ્યારે આસ્થાને તર્ક અને માનવતા પર હાવી થવા દેવામાં આવે છે ત્યારે આવું જ થાય છે.22 એપ્રિલના રોજ, દક્ષિણ કાશ્મીરના પહેલગામ નજીક આતંકવાદીઓએ 26 લોકોની ગોળી મારીને હત્યા કરી હતી, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા. 1 જુલાઈ 2016ના રોજ, ઢાકામાં હોલી આર્ટિસન બેકરીમાં આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો, જેમાં 29 લોકો માર્યા ગયા હતા.નસરીનનો દાવો- મુસ્લિમો દરેક જગ્યાએ મસ્જિદો બનાવવામાં વ્યસ્તતસ્લીમા ઈશનિંદાના આરોપો બાદ નસરીન 1994થી સ્વીડન, અમેરિકા અને ભારતમાં દેશનિકાલમાં જીવન જીવી રહ્યા




છે. તેમણે પોતાના નિવેદનમાં એમ પણ કહ્યું કે યુરોપમાં ચર્ચો સંગ્રહાલયોમાં ફેરવાઈ ગયા છે, પરંતુ મુસ્લિમો દરેક જગ્યાએ મસ્જિદો બનાવવામાં વ્યસ્ત છે. હજારો મસ્જિદો છે અને તેઓ વધુ મસ્જિદો બનાવવા માંગે છે. તેઓ જેહાદીઓ બનાવે છે. મદરેસા ન હોવા જોઈએ. બાળકોએ ફક્ત એક જ નહીં, બધા જ પુસ્તકો વાંચવા જોઈએ.મને ભારત ગમે છે, ઘર જેવું લાગે છે - નસરીનતેણે કહ્યું- હું યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાની કાયમી રહેવાસી છું. હું ત્યાં 10 વર્ષ રહી, પણ મને હંમેશા બહારની વ્યક્તિ જેવો અનુભવ થતો. કોલકાતા આવ્યા પછી જ મને ઘર જેવું લાગ્યું. પશ્ચિમ બંગાળમાંથી હાંકી કાઢવામાં આવ્યા પછી પણ, મને દિલ્હીમાં બીજું ઘર મળ્યું. આ દેશે મને પોતાનાપણાની ભાવના આપી છે, જે મારો પોતાનો દેશ મને આપી શક્યો નહીં.

તસ્લીમાએ બાંગ્લાદેશ વિશે દુઃખ વ્યક્ત કર્યું અને કહ્યું કે તેમના દેશમાં મહિલાઓ તમામ મૂળભૂત અધિકારોથી વંચિત છે. તસ્લીમાએ સમાન નાગરિક સંહિતાની પણ હિમાયત કરી. તેણે કહ્યું- દરેક સભ્ય દેશમાં સમાન નાગરિક સંહિતા હોવી જોઈએ. ભારતમાં પણ. હું તેને સમર્થન આપું છું. ઈસ્લામિક પિતૃસત્તા કુરાનના અધિકાર ઈચ્છે છે. અધિકારો ક્યારેય ધાર્મિક ન હોવા જોઈએ.નસરીન 2011થી ભારતમાં રહે છે, 6 મહિના પહેલા પરમિટ રિન્યુ થઈનસરીન 2011થી ભારતમાં રહે છે અને સ્વીડનની નાગરિકતા ધરાવે છે. ઓક્ટોબર 2024માં, ભારત સરકારે તસ્લીમા નસરીનની ભારતમાં રહેવાની પરમિટ લંબાવી. પરમિટ મળ્યા પછી, લેખકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ગૃહમંત્રી અમિત શાહનો આભાર વ્યક્ત કર્યો હતો.ખરેખમાં, રેજિડેન્સ પરમિટ એક સત્તાવાર દસ્તાવેજ છે, જે વિદેશી નાગરિકને ભારતમાં 180 દિવસથી વધુ સમય માટે રહેવાની મંજૂરી આપે છે. જે વિદેશી નાગરિકો ભારતમાં લાંબા સમય સુધી રહેવાનો પ્લાન કરે છે તેમણે આ પરમિટ ફોરેન રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસમાંથી મેળવવી પડશે.તસ્લીમાના બાંગ્લાદેશ છોડવાનું કારણ...તસ્લીમાના લેખનને કારણે, 1994માં બાંગ્લાદેશમાં તેમના વિરુદ્ધ ફતવો જારી કરવામાં આવ્યો હતો. તેનું કારણ તેમના પુસ્તકો હતા. તેમની નવલકથા 'લજ્જા' (1993) અને તેમની આત્મકથા 'અમર મેયેબેલા' (1998) તેમાં મુખ્ય છે.ભારતમાં બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવ્યા બાદ બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ થયેલી હિંસાની કહાનીથી 'લજ્જા'એ વિવાદ ઉભો કર્યો હતો. નવલકથામાં બળાત્કાર, લૂંટ અને હત્યાના બનાવોનો ઉલ્લેખ હતો. આનાથી ઈસ્લામિક કટ્ટરપંથીઓ ગુસ્સે થયા. ભારે વિરોધ પ્રદર્શનો બાદ, નસરીનને બાંગ્લાદેશ છોડવું પડ્યું.ત્યારથી, તેમણે ઘણા પડકારોનો સામનો કર્યો છે. તેણે ભારતમાં આશ્રય લીધો, પણ અહીં પણ તેને વારંવાર પોતાનું સ્થાન બદલવું પડ્યું. તે પહેલા કોલકાતા અને જયપુરમાં રહેતા હતા, પછી કાયમી નિવાસ પરમિટ હેઠળ દિલ્હીમાં સ્થાયી થયા.બાંગ્લાદેશમાં લજ્જા પ્રકાશનના 6 મહિના પછી જ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો.બાંગ્લાદેશમાં લજ્જા પ્રકાશનના 6 મહિના પછી જ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો.મીડિયા રિપોર્ટ્સ મુજબ, તસ્લીમા 1998માં થોડા દિવસો માટે બાંગ્લાદેશ ગયા હતા, પરંતુ તે સમયે ત્યાં શેખ હસીનાની સરકાર સત્તામાં હતી. તેથી બાંગ્લાદેશી સરકારે તેમને ફરીથી દેશ છોડવાની ફરજ પાડી.તસ્લીમા આ માટે શેખ હસીનાના વિરોધી ખાલિદા ઝિયાને પણ જવાબદાર માને છે. તેમણે કહ્યું હતું કે બંનેએ તેમને બાંગ્લાદેશમાં રહેવા દીધા નહીં અને ઈસ્લામિક કટ્ટરવાદને પ્રોત્સાહન આપ્યું હતું.તસ્લીમા પણ ઘણા વર્ષો સુધી યુરોપમાં રહ્યા. તે 2004-2005 દરમિયાન ભારત આવ્યા હતા.

# રાજકોટ અમિત ખૂંટ આપઘાત કેસઃ અનિરુદ્ધ અને રાજદીપ જાડેજા સહિત બે યુવતી સામે નોંધાઈ ફરિયાદ



રાજકોટમાં સગીરાને જ્યુસમાં કેફી પીણું પીવડાવી બેભાન કરીને તેના પર દુષ્કર્મ આચર્યાની ઘટના સામે આવી હતી. મૂળ સાવરકુંડલાની, મોડેલિંગ સાથે જોડાયેલી સગીરાએ રીબડાના અમિત ખૂંટ સામે દુષ્કર્મની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ત્યારે યુવકે દુષ્કર્મના આરોપના આઘાતમાં ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાનો દાવો કરાયો હતો. પરંતુ હવે અમિત ખૂંટની સ્યુસાઈડ નોટ સામે આવી છે, જેમાં તેણે અનિરુદ્ધસિંહ રીબડા અને રાજદીપસિંહ રીબડાના ત્રાસથી આત્મહત્યા કરી હોવાનો ઉલ્લેખ કર્યો છે. પરિવારે આ મામલે 4 લોકો સામે ફરિયાદ નોંધાવી છે અને આરોપીઓની ધરપકડ ન થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે.સ્યુસાઈડ નોટમાં ગંભીર આરોપમૃતક અમિત ખૂંટે સ્યુસાઈડ નોટમાં ગંભીર આરોપ લગાવ્યા છે, જેમાં ઉલ્લેખ કર્યો છે કે, 'હું અનુભા, રાજદીપ અને એક યુવતીના ત્રાસથી અને દબાણથી આત્મહત્યા કરું છું.' બીજી તરફ રીબડાના સ્થાનિક અગ્રણી ગોવિંદ સગપરિયાએ અનિરુદ્ધસિંહ જાડેજા પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે કહ્યું કે, 'અમિત ખૂંટને આપઘાત કરવા માટે અનિરુદ્ધસિંહ જાડેજાએ મજબૂર કર્યો હતો.' આ ઉપરાંત તેમણે કાવતરું આચરનારની ધરપકડ ન થાય ત્યાં સુધી મૃતદેહ ન સ્વીકારવાની ચીમકી ઉચ્ચારી છે.રાજકોટ અમિત ખૂંટ આપઘાત કેસઃ અનિરુદ્ધ અને રાજદીપ જાડેજા સહિત બે યુવતી સામે નોંધાઈ ફરિયાદ અનિરુદ્ધ અને રાજદીપ જાડેજા સામે ફરિયાદ નોંધાઈઆ આપઘાતને લઈને ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં અનિરુદ્ધસિંહ જાડેજા, રાજદીપસિંહ જાડેજા અને બે યુવતીઓ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 108, 61(2), 54 મુજબ ફરિયાદ નોંધાઈ છે.

અનિરુદ્ધસિંહ જાડેજાએ બે યુવતીઓ સાથે મળીને અમિત ખૂંટને હનીટ્રેપમાં ફસાવીને બદનામ કરવાનું કાવતરું રચવું અને દુષ્કર્મનો ખોટો કેસ કરીને આત્મહત્યા માટે મજબૂર કર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.જાણો શું છે મામલોસાવરકુંડલાની 17 વર્ષની સગીરાએ અમિત ખૂંટ પર આરોપ લગાવ્યો હતો કે, 'છેલ્લા બે મહિનાથી તે રાજકોટની એક હોટેલમાં રહેતી હતી અને મોડેલિંગ કરતી હતી. આ સમય દરમિયાન તેને રીબડા ગામના અમિત દામજી ખૂંટ નામના પટેલ યુવાન સાથે પરિચય થયો હતો અને બંને અવારનવાર મળતા હતા. ત્યારે યુવાને સગીરાને જ્યુસમાં બેભાન કરવાની દવા પીવડાવીને દુષ્કર્મ આચર્યું હતું.'આ પણ વાંચોઃ રાજકોટ અકસ્માતમાં સાસુ-વહુના મોતથી પરિવાર વિખેરાયો, હિટ એન્ડ રનનો કેસ નોંધવા પરિજનોની માગજો કે, પોલીસ તપાસ શરૂ થાય તે પહેલાં જ અમિત ખૂંટે પોતાની વાડીમાં ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. યુવાને ઝાડ પર દોરડું બાંધી ગળાફાંસો ખાધો હતો. પોલીસને ઝાડ પર પ્લાસ્ટિકની બે થેલીઓ લટકતી મળી આવી હતી. યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. પોલીસે આ મામલે આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગરના દરેડમાં સૌરાષ્ટ્રનું સૌથી મોટું પરશુરામ મંદિર બનશે

## 65 ફૂટ ઊંચા મંદિરનું શંકરાચાર્ય, પૂર્વ CM રૂપાણી સહિત સંતોની હાજરીમાં ભૂમિપૂજન









મુંબઈ તરંગ રમીલાબેન જોષી જામનગર નજીકના દરેડ ગામે આજે સૌરાષ્ટ્રના સૌથી મોટા પરશુરામ મંદિરનું ભૂમિપૂજન સંપન્ન થયું. દરેડ એન્ડ સોશિયલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ દ્વારા નિર્માણ થનારા આ મંદિરનું ભૂમિપૂજન દ્વારકા શારદાપીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું.તક્ષશિલા પરશુરામ ધામ તરીકે ઓળખાનારું આ મંદિર 2 લાખ 2000 ચોરસ ફૂટના વિશાળ વિસ્તારમાં બનશે. મંદિરની ઊંચાઈ 65 ફૂટ રાખવામાં આવશે અને તેમાં સુંદર નક્શીકામ કરવામાં આવશે. મંદિરના નિર્માણમાં પરશુરામ દાદાના જન્મસ્થળ જાનાપાઉ (મધ્યપ્રદેશ)થી લવાયેલી પવિત્ર રજનો ઉપયોગ ઈંટો બનાવવામાં કરવામાં આવશે.ભૂમિપૂજન પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, જામનગર ખીજડા મંદિરના મહંત કૃષ્ણમણી મહારાજ, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, રીવાબા જાડેજા સહિત અનેક સંતો-મહંતો અને બ્રહ્મ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજીએ કાશ્મીરમાં થયેલા આતંકી હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે ધર્મના નામે થતી હિંસા દુઃખદ છે અને દેશવાસીઓને એકતા માટે હાકલ કરી હતી. તેમણે કહ્યું કે રાજકારણથી ઉપર ઉઠીને તમામ નેતાઓ અને દેશવાસીઓએ એક થવાની જરૂર છે.

# અડાલજ ઝુંડાલ માર્ગને પહોળો કરવા ૪૦ દબાણો પર તંત્રનું બુલડોઝર ફેરવી દેવાયું



ગાંધીનગર જિલ્લાના અડાલજ ત્રિમંદિરથી ઝુંડાલ સુધીના માર્ગને સવસ રોડ સહિત એઈટલેન કરવાની યોજના હાથ ધરવામાં આવી છે. આ માટે માર્ગ અને મકાન વિભાગે કામગીરી શરૂ કરી દીધી છે, પરંતુ આસપાસના દબાણો આ પ્રોજેક્ટમાં નડતર બની રહ્યા છે.

ત્યારે ગુડા દ્વારા આ નડતરરૂપ દબાણો આઈડેન્ટીફાય કરીને તેને દૂર કરવા માટે દબાણકારોને અગાઉ અલ્ટીમેટમ આપી દેવામાં આવ્યું હતું ત્યારે આજે ગુડા, માર્ગ અને મકાન, પંચાયત, હાઈવે ઓથોરિટી સાથે જિલ્લા વહિવટી તંત્રની ટીમે પોલીસ બંદોબસ્ત વચ્ચે અડાલજ-ઝુંડાલ માર્ગ ઉપર સંયુક્ત મેગા ડિમોલેશન ઓપરેશન હાથ ધર્યું છે. જેમાં પ્રથમ દિવસે મકાન, દુકાન અને ઝુંપડા સહિત ૪૦ જેટલા દબાણો દૂર કરાયા છે. આગામી દિવસોમાં અહીં ૨૦૦થી વધુ દબાણો હટાવાશે.ગાંધીનગરના અડાલજ ત્રિમંદિરથી ઝુંડાલ સુધીનો માર્ગ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત વચ્ચે કડી સમાન છે ત્યારે આ માર્ગને પહોળો કરવાની કામગીરી હાલ ચાલી રહી છે તેવી સ્થિતિમાં આસપાના દબાણો કામગીરી માટે નડતરરૂપ હોવાને કારણે થોડા દિવસ અગાઉ ગુજરાત રાજ્ય ડેવલપમેન્ટ ઓથોરિટી , માર્ગ અને મકાન વિભાગ, હાઈવે ઓથોરિટી તથા મામલતદાર સહિતની ટીમ સ્થળ પર પહોંચી હતી.

ટીમે દબાણકારોને એકત્ર કરીને તેમને સ્વયંભૂ દબાણ દૂર કરવા આલ્ટીમેટમ આપી દીધું હતું.આ સૂચનાને પગલે ઘણા દબાણકારોએ પોતાની રીતે દબાણ દૂર કરવાની કામગીરી શરૂ કરી દીધી હતી. ત્યાર આ માર્ગને પહોળો કરવામાં ૩૦૦ જેટલા દબાણો નડતરરૂપ હોવાને પગલે આજે રવિવારની રજા હોવા છતા આ તમામ તંત્રએ સંકલન સાધીને મેગા ડિમોલેશન ડ્રાઈવ ચલાવી છે.અગાઉ અલ્ટીમેટમ આપ્યા બાદ પણ દબાણો દૂર નહીં કરનાર દબાણકારોની હોટલ, દુકાન, લારી, ઓટલા સહિત મકાનો તથા ઝુંપડા પર પણ આજે તંત્રનું બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. આજે ૪૦ જેટલા દબાણો દૂર કરવામાં આવ્યા છે ત્યારે આગામી ત્રણથી ચાર દિવસ પણ આ મેગા ડિમોલેશ ડ્રાઈવ ચાલુ રાખવામાં આવશે. આ માર્ગ ઉપર વચ્ચે બાલાપીરની દરગાહ પણ આવેલી છે ત્યારે તે અંગે વાતાવરણ તંગ બન્યું છે. જો કે, હાલ તો તંત્રએ સ્થાનિકોને સાથે રાખીને દરગાહની આસપાસની દિવાલો તથા નડતરરૂપ ઓટલો તોડયો છે.૩૦૦ જેટલા દબાણો આ માર્ગને પહોળો કરવામાં નડતરરૂપ હોવાન કારણે હજુ આગામી ત્રણથી ચાર દિવસ અહીં ડિમોલેશનની કામગીરી કરવામાં આવશે.બાલાપીર દરગાહની આસપાસની દિવાલ અને ઓટલા પણ તોડી દેવાયાઅડાલજ-ઝુંડાલ માર્ગ ઉપર બાલાપીર સર્કલ આવેલું છે. આ ચાર રસ્તા પાસે આવેલી બાલાપીર દરગાહને કારણ જ આ સર્કલ બાલાપીર સર્કલથી ઓળખાય છે ત્યારે દરગાહ હાઈવે માર્ગન અડીને આવેલી છે તેવી સ્થિતિમાં આ માર્ગને પહોળો કરવામાં દરગાહની આસપાસનું બાંધકામ પણ તોડવામાં આવ્યું હતું. જો કે, સ્થાનિકોએ આ મામલે સંયમ રાખીન તંત્રને સહકાર આપ્યો હતો અને દરગાહની આસપાસ દિવાલ તથા ઓટલાના દબાણો તંત્ર દ્વારા તોડવામાં આવતા હતા તેમાં સહયોગ પણ કર્યો હતો. એટલુ જ નહીં, ઘણુ દબાણ સ્થાનિકોએ સ્વયંભૂ પણ તોડી દિધું હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે આ સ્થળે આવેલી દરગાહનું મૂળ માળખું એમનું એમ જ રાખવામાં આવ્યું છે. જેથી કોઈ ધાર્મિક લાગણી દુભાઈ નથી.તમામ દબાણો હટાવવામાં હજુ તંત્રને ત્રણથી ચાર દિવસનો સમય લાગશેગાંધીનગરના અડાલજથી ઝુંડાલ સુધીના માર્ગને પહોળો કરવા ગુડા, માર્ગ અને મકાન વિભાગ, પંચાયત સાથે જિલ્લા વહિવટી તંત્રની ટીમ દ્વારા પોલીસ બંદોબસ્ત વચ્ચે આજથી બુલડોઝર સાથે દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

આ પહેલા જ અહીં અગાઉ ગુડાની નોટિસને પગલે ઘણા દબાણકારોએ સ્વયંભૂ પોતાના દાબણો દૂર કરી દીધા છે. ત્યારે હવે ઝુંડાલ તરફના માર્ગ ઉપરના દબાણો દૂર કરાશે. જેમાં રહેણાંક મકાનોનો પણ સમાવશે થાય છે.

# ગોંડલનાં વેપારીના ૩૦ ટન ઘઉં બારોબાર વેંચી ટ્રકને સુરત પાસે રેઢો છોડી દીધો



સાયલા તાલુકાના વાંટાવછ ગામની સીમમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ૪૨ દિવસમાં ત્રીજીવાર દરોડો પાડયો છે. દારૂના કટિંગ સમયે જ એજન્સી ત્રાટકતાં બુટલેગરો નાસભાગ મચી ગઈ હતી. પોલીસે ૧.૧૯ કરોડનો દારૂની ૧૦,૩૬૩ બોટલ, વાહનો, રોકડ, ઘઉની બોરીઓ સહિત ૧.૬૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે હરિયાણાના બે શખ્સોને ઝડપી પાડયા છે. આ મામલે પોલીસે ૩૩ શખ્સો સામે ગુનો નોંધ્યો છે. વિદેશી દારૂની 10,363 બોટલ, ઘઉંની 285 બોરી, 3 વાહન, રોકડ સહિત રૂ. 1.61 કરોડનો મુદ્દામાલ સાયલા તાલુકાના વાંટાવછ ગામની સીમમાં દારૂનું કટિંગ ચાલતું હોવાની બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલએ દરોડો પાડયો હતો. એસએમસીની ટીમ ત્રાટકી ત્યારે દારૂ ભરેલી ટ્રકમાંથી પીકઅપ વાનમાં કટિંગ કરી દારૂ ભરવામાં આવતો હતો. એસએમસીના દરોડાના પગલે બુટલેગરોમાં નાસભાગ મચી હતી. એસએમસીની ટીમે સ્થળ પરથી દારૂની કુલ ૧૦,૩૬૩ બોટલ (કિં.રૂ.૧,૧૯,૫૯,૯૦૦) ટ્રક, પીકઅપ, અને કાર (કુ.કિં. ૪૦ લાખ) તેમજ રોકડ રૂપિયા (૬૫૦૦) ઢોરને ચારો આપવાની ઘઉંની ૨૮૫ થેલીઓ (કુ.કિં.૧,૪૨,૫૦૦) સહિત રૂ.૧,૬૧,૦૮,૯૦૦નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. એસએમસીની તપાસ દરમિયાન આરોપીઓએ પશુચારાની આડમાં દારૂ ઘુસાડયો હોવાનું જાણવા મળ્યું હતું. દરોડા દરમિયાન રિતેશ ધર્મપ્રક્ષ ડાગર (રહે.હરિયાણા), પંકજ કૃણાલ સિંહ ડાગર (રહે.હરિયાણા)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર મુખ્ય આરોપી દેવેન્દ્ર બોરીચા (રહે. સુદામડા), દશરથસિંહ ચંદુભા ઝાલા (રહે. સુદામડા), છત્રપાલ સતુ દરબાર (પીકઅપ ગાડીનો ડ્રાઈવર અને તેનો માલિક), ટ્રક માલિક, એક કાર ચાલક અને બે અજાણ્યા, તેમજ અન્ય કાર અને ત્રણ અજાણ્યા, અન્ય થાર કારચાલક અને બે અજાણ્યા, અન્ય સ્વિફ્ટ કારનો માલિક, બ્લેક ટોયેટા કારનો માલિક, બ્લેક કલરની મહેન્દ્ર થારનો માલિક, તેમજ મુખ્ય આરોપી દેવેન્દ્ર બોરીચાના ૧૦ જેટલા અજાણ્યા વ્યક્તિઓ, દારૂનો જથ્થો ભરી આપી જનાર સોની પંજાબ ખાટે, તેમજ સોનુ શેઠ પંજાબ ખાતેથી ઝડપાયેલા ટ્રકનો જથ્થો મોકલનાર મુખ્ય સપ્લાયર સહિત કુલ ૩૧ લોકો નાસી જનાર તેમજ દરોડા દરમિયાન ઝડપાઈ જનાર બે શખ્સ સહિત કુલ ૩૩ લોકો સામે ફરિયાદ નોંધાવામાં આવી છે.બુટલેગરો પોલીસ પર પથ્થરમારો કર્યાની ચર્ચાપોલીસ વર્તુળોમાં ચાલતો ગણગણાટ અને લોકમુખે ચાલતી ચર્ચા અનુસાર દરોડા દરમિયાન એસએમસીના કર્મીઓ અને બુટલેગરો વચ્ચે ઘર્ષણ થયું હતું. બુટલેગરોએ પોલીસકર્મીઓ પર પથ્થરમારો કરી નાસી છુટયા હતા.

# ઉપલેટામાં બે જૂથ વચ્ચે ગાળો બોલવા મુદ્દે મારામારી બાદ ભડકાઉ મેસેજથી તંગદિલી



ઉપલેટા શહેરમાં ગઈકાલે શનિવારની રાત્રે રિલાયન્સ ટ્રેન્ડ મોલ પાસે સામાન્ય બાબતે બે જૂથ વચ્ચે બબાલ થઈ હતી. જેમાં ગાળાગાળી કરવા બાબતે માથાકૂટ થયા બાદ મારામારી સુધી વાત પહોંચી હતી અને એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી. જો કે, બાદમાં સોશિયલ મીડિયાએ બળતામાં ઘી હોમ્યું હતું અને અમુક ભડકાઉ મેસેજ વાયરલ થતાં બે કોમના ટોળા પોલીસ સ્ટેશને ઉમટી પડયા હતા અને તંગદિલીનો માહોલ છવાઈ ગયો હતો. જે મામલે અલગ-અલગ ચાર ફરિયાદ નોંધાવાઈ હતી.00:07/01:11ઉપલેટામાં શનિવારે રાત્રે બે-ચાર યુવકો વચ્ચે થયેલી માથાકૂટ બાદ આજે સવારે પણ બે જૂથ વચ્ચે ઘર્ષણની સ્થિતિ જોવા મળી અને અને આજે રવિવારે આખો દિવસ અજંપાભરી શાંતિ રહી છે. જેથી ધોરાજી અને ગોંડલથી પણ પોલીસ કાફલો બોલાવી લેવાયો હતો અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે બન્ને જૂથની સામસામી ચાર-ચાર શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધી હતી.

જ્યારે પોલીસે પણ આઠ શખ્સોના નામ સહિત ૧૫૦થી વધુ લોકોના ટોળા સામે તંગદિલીની સ્થિતિ ઉભી કરવા તેમજ અન્ય એક ફરિયાદમાં કોમી ઘર્ષણ ઉભું થાય એવા મેસેજ વાયરલ કરવા અંગે ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરી હતી.ગઈકાલે શનિવારે મારામારીની ઘટનામાં મેહુલ કરસનભાઈ ચંદ્રવાડીયાએ સામાપક્ષનાં તૈયબ સુરીયા, એઝાઝ માકા, અલ્તાફ ઉર્ફે જુબેર અને એક અજાણ્યા વ્યક્તિ સામે ગાળાગાળી અને મારામારીની ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે તેની સામે અલ્તાફ અલીમોહમ્મદભાઈ સુરીયા દ્વારા મેહુલ ચંદ્રવાડીયા તેમજ અન્ય ત્રણ વ્યક્તિઓ સામે પોતાના કૌટુંબિક ભાઈએ બોલેલી ગાળો બાબતે માથાકૂટ કરીને મારામારી કર્યાની ફરિયાદ લખાવી હતી. જે મારામારીમાં અલ્તાફ ઉર્ફે જુબેર અલીભાઈ સુરિયા નામના યુવાને ગંભીર ઈજા પહોંચતા પ્રથમ ઉપલેટા બાદ ધોરાજી અને ત્યાંથી વધુ સારવાર માટે જૂનાગઢ ખસેડવામાં આવ્યો હતો. બીજી તરફ બે-ચાર યુવાનો વચ્ચે અંગત બાબતે થયેલી સામાન્ય માથાકૂટને કોમવાદી સ્વરૂપ આપીને પોલીસ સ્ટેશન પાસે જ લોકોના ટોળા એકત્ર કરી ભડકાઉ નારા લગાવવા બદલ ખુદ પોલીસે ફરિયાદી બનીને જીતુ કરસનભાઈ સુવા, મેહુલ કરસનભાઈ સુવા, મયુર દિનેશભાઈ સોલંકી, અશોક નારણભાઈ ચંદ્રવાડીયા, ઈશાન ધર્મેન્દ્રભાઈ ચુડાસમા, દીપક નારણભાઈ ચૌહાણ, જગદીશ છગનભાઈ ઘોરેચા, કેતન ડેડાણીયા તેમજ અજાણ્યા ૧૫૦ વ્યક્તિઓ સામે ગુનો દાખલ કરીને ધરપકડની તજવીજ આરંભી હતી. આવા માહોલમાં આજે રવિવારે સવારે જીતુ કરસનભાઈ સુવા નામના વ્યક્તિ દ્વારા એક કોમના યુવકના ઘર પર બીજી કોમના લોકોના ટોળાએ હુમલો કર્યો હોવાનો મેસેજ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. જેથી પોલીસે આ શખ્સ વિરૂધ્ધ પણ ભડકાઉ મેસેજ અંગે ફરિયાદ દાખલ કરી હતી. વારંવાર કોમવાદ પર ઉતારનાર તત્ત્વો સામે કડક પગલાંની માંગઉપલેટામાં અવાર-નવાર બનતા નજીવા બનાવોને વારંવાર કોમવાદ પર લઈ જનાર વ્યક્તિઓ સામે પોલીસે કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

ગઈકાલની માથાકૂટમાં પણ પોલીસ તરફથી લોકોને શાંતિ જાળવવાની અપીલ કરવામાં આવી છે. આ ઘટના બાદ હિન્દુ- મુસ્લિમ સમાજના આગેવાનો પોલીસ સ્ટેશન ખાતે રજૂઆત કરવા પહોંચ્યા હતા અને કોમવાદ ફેલાવનાર ભલે હિન્દુ હોય કે મુસલમાન હોય, કાયદેસરની કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

Editor : **KANTILAL AMBARAMBHAI PATEL** Publisher, Printer & Owner : **DILIP NANJIBHAI PATEL**
Place of Publication : **C-255, WEST GATE COMPLEX, 150 FEET RING ROAD, NEAR RAIYA CHOWK, RAJKOT-360007 GUJARAT**
Printed At : **RP PUBLICATION, 31 A, JALARAM INDUSTRIAL ESTATE, NH 8/B, RUDA TRANSPORT NAGAR, POST: SOKHADA, RAJKOT-360003 GUJARAT**
**Editor : Responsible for selection of news under PRB Act. Mumbai Tarang (Estd 2023)**